અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૪


### - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ

માળી ટેકરા, આંબાચોક, ભાવનગર

ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬



… Kitab Downloaded from …

www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી. hajinajitrust@gmail.com

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
| --- | --- | --- |
| 3 | સૂર-એ-આલે ઈમરાન (આયત ૯૨ થી ૨૦૦) | ૪ |
| ૪ | સૂર-એ-નિસાઅ (આયત ૧ થી ૨૩) | ૯૨ |

لَنۡ تَنَالُوا الۡبِرَّ حَتّٰى تُنۡفِقُوۡا مِمَّا تُحِبُّوۡنَ ؕ وَمَا تُنۡفِقُوۡا مِنۡ
شَىۡءٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيۡمٌ ﴿۹۲﴾

(૯૨) (અય લોકો!) જે વસ્તુઓ તમને અતિ વહાલી છે તેમાંથી જ્યાં સુધી (અલ્લાહના માર્ગમાં) ખરચશો નહિ ત્યાં સુધી તમે નેકી (ના દરજ્જા) એ હરગિજ પહોંચશો નહિ. અને જે કાંઈ વસ્તુ પણ તમે (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરો છો તે નિસંશય અલ્લાહ સારી રીતે જાણે છે.

كُلُّ الطَّعَامِ كَانَ حِلًّا لِّبَنِيٓ اِسۡرَآءِيۡلَ اِلَّا مَا حَرَّمَ اِسۡرَآءِيۡلُ
عَلٰى نَفۡسِهٖ مِنۡ قَبۡلِ اَنۡ تُنَزَّلَ التَّوۡرٰىةُ ؕ قُلۡ فَاۡتُوۡا بِالتَّوۡرٰىةِ
فَاتۡلُوۡهَآ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۹۳﴾

(૯૩) દરેક જાતનો ખોરાક બની ઈસરાઈલ માટે હલાલ હતો સિવાય તેના કે જે ઈસરાઈલે તૌરેત ઉતરવા પહેલાં પોતાના માટે હરામ કરી લીધો હતો; (અય રસૂલ!) તું (યહૂદીઓને) કહે કે જો તમે (તમારા દાવામાં) સાચા હો તો તૌરેત લાવો અને તેને પઢો (પછી સાબિત કરો કે તેમ ન હતું).

فَمَنِ افۡتَرٰى عَلَى اللّٰهِ الۡكَذِبَ مِنۡۢ بَعۡدِ ذٰلِكَ فَاُولٰٓـئِكَ هُمُ
الظّٰلِمُوۡنَ ﴿۹۴﴾

(૯૪) પછી જે કોઈ (તૌરેતમાં સાબીત ન થાય) તે પછી પણ અલ્લાહ પર આક્ષેપ મૂકે તો (જાણી લે કે ખરેખર) તેઓજ ઝુલમગાર છે.

قُلۡ صَدَقَ اللّٰهُ‌ فَاتَّبِعُوۡا مِلَّةَ اِبۡرٰهِيۡمَ حَنِيۡفًا ؕ وَمَا كَانَ مِنَ الۡمُشۡرِكِيۡنَ ۝٩٥

(૯૫) (અય રસૂલ!) કહે કે અલ્લાહે સાચું ફરમાવ્યું છે માટે તમે ઈબ્રાહીમના ધર્મ (ઈસ્લામ)ને અનુસરો કે જે એક અલ્લાહને માનનાર હતો; અને તે મુશરીકો માંહેનો ન હતો.

اِنَّ اَوَّلَ بَيۡتٍ وُّضِعَ لِلنَّاسِ لَـلَّذِىۡ بِبَكَّةَ مُبٰرَكًا وَّهُدًى لِّلۡعٰلَمِيۡنَ‌ۚ ۝٩٦

(૯૬) બેશક (દુનિયામાં) સૌથી પહેલું (અલ્લાહનું) ઘર કે જે લોકો (ની ઈબાદત) માટે બનાવવામાં આવ્યું તે એજ (કાઅબા) છે જે મક્કામાં છે તે (ઘર) બરકતવાળું છે તેમ તે સઘળી દુનિયાવાળાઓ માટે હિદાયતનું ઘર છે.

فِيْهِ اٰيٰتٌۢ بَيِّنٰتٌ مَّقَامُ اِبْرٰهِيْمَ ۚ۬ وَمَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا ؕ
وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ اِلَيْهِ سَبِيْلًا ؕ
وَمَنْ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِىٌّ عَنِ الْعٰلَمِيْنَ ﴿۹۷﴾

(૯૭) (વળી) તેમાં પ્રત્યક્ષ નિશાનીઓ પણ છે (તે માંહેની એક) મકામે ઈબ્રાહીમ છે, અને જે કોઈ તેમાં પ્રવેશ કરશે તે નિર્ભય થઈ જશે; અને તે

લોકો કે જેમને ત્યાં સુધી પહોંચવાનું સામર્થ્ય હોય તેમના ઉપર અલ્લાહના માટે એ ઘરનું હજ કરવું વાજિબ કરવામાં આવ્યું છે; અને જેઓ (સામર્થ્યવાન હોવા છતાં તે નેઅમત તરફ) અનુપકારી થાય અને (હજ કરવા ન જાય) તો નિસંશય અલ્લાહ સઘળી દુનિયાવાળાઓથી બેપરવાહ છે.

قُلْ يٰٓاَهْلَ الْكِتٰبِ لِمَ تَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ۖ وَاللّٰهُ شَهِيْدٌ عَلٰى مَا تَعْمَلُوْنَ ۝٩٨

(૯૮) (અય રસૂલ!) કહે કે અય કિતાબવાળાઓ! તમે અલ્લાહની આયતોનો શા માટે ઈન્કાર કરો

છો? જોકે તમે જે કાંઈ કરો છો તેનો અલ્લાહ સાક્ષી છે.

قُلۡ يٰۤاَهۡلَ الۡكِتٰبِ لِمَ تَصُدُّوۡنَ عَنۡ سَبِيۡلِ اللّٰهِ مَنۡ اٰمَنَ تَبۡغُوۡنَهَا عِوَجًا وَّاَنۡتُمۡ شُهَدَآءُ‌ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعۡمَلُوۡنَ﴿۹۹﴾

(૯૯) (અય રસૂલ!) કહે કે અય કિતાબવાળાઓ! જે ઈમાન લાવે છે તેને આડે (માર્ગે) લઈ જવાના હેતુથી અલ્લાહના માર્ગથી કેમ રોકો છો ? જયારે કે તમે પોતે (એ વાતના) સાક્ષી છો (છતાં)? અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ અજ્ઞાત નથી.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ تُطِيْعُوْا فَرِيْقًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا
الْكِتٰبَ يَرُدُّوْكُمْ بَعْدَ اِيْمَانِكُمْ كٰفِرِيْنَ﴿١٠٠﴾

(૧૦૦) અય ઈમાન લાવનારાઓ ! જો તમે તે લોકો કે જેમને (આ પહેલાં) કિતાબ આપવામાં આવી છે તેઓ માંહેના કોઈ ટોળાનું કહ્યું માનશો તો તેઓ તમારા ઈમાન લાવ્યા પછી તમને પાછા બેઈમાન બનાવી દેશે.

وَ كَيْفَ تَكْفُرُوْنَ وَاَنْتُمْ تُتْلٰى عَلَيْكُمْ اٰيٰتُ اللّٰهِ وَفِيْكُمْ
رَسُوْلُهٗ ؕ وَمَنْ يَّعْتَصِمْ بِاللّٰهِ فَقَدْ هُدِيَ اِلٰى صِرَاطٍ
مُّسْتَقِيْمٍ﴿١٠١﴾

(૧૦૧) અને તમે કેવી રીતે ઈન્કાર કરનારા બની શકો જયારે તમને અલ્લાહની આયતો વાંચી સંભળાવવામાં આવે છે, અને વળી તમારામાં તેનો રસૂલ પણ મોજૂદ છે; અને જે કોઈ અલ્લાહના (ધર્મને) દ્રઢતાથી વળગી રહ્યો તો ખરેજ તેને સન્માર્ગની સુબુદ્ધિ મળી ચૂકી.

يَآيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ حَقَّ تُقٰتِهٖ وَلَا تَمُوۡتُنَّ اِلَّا وَاَنۡتُمۡ مُّسۡلِمُوۡنَ ﴿۱۰۲﴾

(૧૦૨) અય ઈમાન લાવનારાઓ! અલ્લાહથી એવા ડરો જેવો કે તેનાથી ડરવાનો હક છે અને હરગિજ મૃત્યુ પામો નહિ પણ એવી હાલતમાં કે તમો (દીને) ઈસ્લામ પર હો.

وَاعۡتَصِمُوۡا بِحَبۡلِ اللّٰهِ جَمِيۡعًا وَّلَا تَفَرَّقُوۡا ۖ وَاذۡكُرُوۡا نِعۡمَتَ
اللّٰهِ عَلَيۡكُمۡ اِذۡ كُنۡتُمۡ اَعۡدَآءً فَاَلَّفَ بَيۡنَ قُلُوۡبِكُمۡ
فَاَصۡبَحۡتُمۡ بِنِعۡمَتِهٖۤ اِخۡوَانًا ۚ وَكُنۡتُمۡ عَلٰى شَفَا حُفۡرَةٍ مِّنَ
النَّارِ فَاَنۡقَذَكُمۡ مِّنۡهَا ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمۡ اٰيٰتِهٖ لَعَلَّكُمۡ
تَهۡتَدُوۡنَ ﴿۱۰۳﴾

(૧૦3) અને એકત્ર થઈને સર્વે (જણા) અલ્લાહની રસ્સી (ધર્મ)ને મજબૂત પકડી લો અને (આપસમાં) ભંગાણ પાડો નહિ, અને અલ્લાહની નેઅમત જે તેણે તમારા ઉપર ઉતારી છે તેને યાદ કરતા રહો, (તે નેઅમત એ) કે જ્યારે તમે એક બીજાના દુશ્મન હતા ત્યારે તેણે તમારા મનમાં (એક બીજા

માટે) પ્રેમ ઉત્પન્ન કર્યો જેથી તેની મેહરબાનીથી તમે એક બીજાના ભાઈ ભાઈ બની ગયા; અને (વળી) તમે આગના ખાડાના કાંઠે હતા પછી તેણે તમને (તેમાં ગબડતાં) બચાવી લીધાં; આવી રીતે અલ્લાહ તમારા માટે પોતાની નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવે છે કે કદાચને તમે સન્માર્ગ મેળવો.

وَلۡتَكُنۡ مِّنۡكُمۡ اُمَّةٌ يَّدۡعُوۡنَ اِلَى الۡخَيۡرِ وَيَاۡمُرُوۡنَ بِالۡمَعۡرُوۡفِ

وَيَنۡهَوۡنَ عَنِ الۡمُنۡكَرِ‌ؕ وَاُولٰٓـئِكَ هُمُ الۡمُفۡلِحُوۡنَ ﴿۱۰۴﴾

(૧૦૪) અને લાઝિમ છે કે તમારા માંહેના થોડાક લોકો એવા હોવા જોઈએ કે જે (બીજાઓને) નેકી તરફ બોલાવે તથા નેક કાર્યોની આજ્ઞા કરે તથા

બૂરા કાર્યોની મના કરે; અને તેઓ જ સફળતા પામનારા છે.

وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ تَفَرَّقُوْا وَاخْتَلَفُوْا مِنْۢ بَعْدِ مَا جَآءَهُمُ الْبَيِّنٰتُ ؕ وَاُولٰٓئِكَ لَهُمْ عَذَابٌ عَظِيْمٌ ۙ﴿۱۰۵﴾

(૧૦૫) અને તે લોકો (યહૂદી તથા ખ્રિસ્તિ)ના જેવા થાઓ નહિ કે જેઓ તેમની પાસે ખુલ્લી દલીલો આવ્યા પછી છિન્ન ભિન્ન થઈ ગયા અને (આપસમાં) મતભેદ કરવા લાગ્યા; તેમના માટે મહાન અઝાબ છે.

يَّوۡمَ تَبۡيَضُّ وُجُوۡهٌ وَّتَسۡوَدُّ وُجُوۡهٌ‌ ۚ فَاَمَّا الَّذِيۡنَ اسۡوَدَّتۡ
وُجُوۡهُهُمۡ ۚ اَكَفَرۡتُمۡ بَعۡدَ اِيۡمَانِكُمۡ فَذُوۡقُوا الۡعَذَابَ بِمَا
كُنۡتُمۡ تَكۡفُرُوۡنَ ﴿۱۰۶﴾

(૧૦૬) (તે દિવસથી ડરો કે) જે દિવસે કેટલાક ચહેરા સફેદ થઈ જશે અને કેટલાક ચહેરા કાળા થઈ જશે, પછી જેમના ચહેરા કાળા થયા હશે (તેમને કહેવામાં આવશે કે) તમે ઈમાન લાવ્યા પછી ઈન્કાર કરનારા થઈ ગયા હતા ને ? તો હવે તમે ઈન્કાર કર્યો તે કારણે અઝાબ ચાખો.

وَاَمَّا الَّذِيۡنَ ابۡيَضَّتۡ وُجُوۡهُهُمۡ فَفِىۡ رَحۡمَةِ اللّٰهِ‌ؕ هُمۡ فِيۡهَا
خٰلِدُوۡنَ ﴿۱۰۷﴾

(૧૦૭) રહ્યા તે લોકો કે જેમના ચહેરા સફેદ હશે, તેઓ અલ્લાહની રહેમતમાં દાખલ થશે (અને) તેમાં હંમેશ માટે રહેશે.

تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ بِالْحَقِّ ؕ وَمَا اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعٰلَمِيْنَ ﴿۱۰۸﴾

(૧૦૮) (અય રસૂલ!) આ અલ્લાહની આયતો છે. જે અમે તને સત્યતાપૂર્વક વાંચી સંભળાવીએ છીએ, અને અલ્લાહ દુનિયાવાળાઓ પર ઝુલ્મ કરવાની ઈચ્છા રાખતો નથી.

وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ﴿۱۰۹﴾ ع

(૧૦૯) અને જે કાંઈ આસમાનોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે સર્વ અલ્લાહનું જ છે; અને સઘળા મામલા છેવટ (ના ફેંસલા માટે) અલ્લાહના જ તરફ રજુ થશે.

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ بِاللّٰهِ ؕ وَلَوْ اٰمَنَ اَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا لَّهُمْ ؕ مِنْهُمُ الْمُؤْمِنُوْنَ وَاَكْثَرُهُمُ الْفٰسِقُوْنَ ۝١١٠

(૧૧૦) જે ઉમ્મતો લોકોની હિદાયત માટે પેદા કરવામાં આવી છે તેઓમાં તમે સર્વ શ્રેષ્ઠ હોવાના કારણે (લોકોને) નેકી કરવા માટે આજ્ઞા કરો છો તથા બદીથી મના કરો છો તથા અલ્લાહ પર

ઈમાન રાખો છો; અને જો કિતાબવાળાઓ પણ ઈમાન લઈ આવતે તો તેમના માટે વધારે સારૂં થતે; તેઓ માંહેના કેટલાક તો માનનારા છે અને તેઓ માંહેનાં ઘણાખરા આજ્ઞાનો અનાદર કરનારા છે.

لَنْ يَّضُرُّوْكُمْ اِلَّآ اَذًى ؕ وَاِنْ يُّقَاتِلُوْكُمْ يُوَلُّوْكُمُ الْاَدْبَارَ ۟

ثُمَّ لَا يُنْصَرُوْنَ ﴿١١١﴾

(૧૧૧) (અય મુસલમાનો!) નજીવી ઈજા પહોંચાડયા સિવાય તેઓ તમારૂં કાંઈ બગાડશે નહિ; અને જો તમારાથી લડશે તો ખરેખર પીઠ દેખાડશે, પછી તેમની હરગિજ મદદ કરવામાં આવશે નહિ.

ضُرِبَتۡ عَلَيۡهِمُ الذِّلَّةُ اَيۡنَ مَا ثُقِفُوۡۤا اِلَّا بِحَبۡلٍ مِّنَ اللّٰهِ وَحَبۡلٍ
مِّنَ النَّاسِ وَبَآءُوۡ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَضُرِبَتۡ عَلَيۡهِمُ
الۡمَسۡكَنَةُ ؕ ذٰلِكَ بِاَنَّهُمۡ كَانُوۡا يَكۡفُرُوۡنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقۡتُلُوۡنَ
الۡاَنۡۢبِيَآءَ بِغَيۡرِ حَقٍّ ؕ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوۡا يَعۡتَدُوۡنَ ﴿۱۱۲﴾

(૧૧૨) તેઓ જ્યાં પણ મળી આવશે તેમના માટે હીણપત હશે, સિવાય કે (કરારની રૂએ) અલ્લાહની પનાહમાં અને લોકોની પનાહમાં આવી જાય (તો જુદી વાત છે), અને તેમણે હાથે કરીને અલ્લાહનો કોપ પોતાના પર વ્હોરી લીધો છે અને તેમના પર કંગાલીયતની માર પડી છે; આ (શિક્ષા) એ માટે કે તેઓ અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા હતા

અને નબીઓને વિના કારણે મારી નાખતા હતા; વળી એ માટે કે તેઓ નાફરમાની કરતા હતા તથા હદ ઓળંગી જતા હતા.

لَيْسُوْا سَوَآءً ؕ مِنْ اَهْلِ الْكِتٰبِ اُمَّةٌ قَآئِمَةٌ يَّتْلُوْنَ اٰيٰتِ اللّٰهِ
اٰنَآءَ الَّيْلِ وَهُمْ يَسْجُدُوْنَ ﴿۱۱۳﴾

(૧૧૩) તેઓ સઘળા સમાન નથી; કિતાબવાળાઓ માંહેનું એક ટોળું તો રાત્રિ (ના સમય)માં અલ્લાહની આયતો નમાઝમાં ઉભુ રહીને પઢતું રહે છે અને (અલ્લાહને) સિજદો કરતું રહે છે.

يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَأْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ
عَنِ الْمُنْكَرِ وَيُسَارِعُوْنَ فِي الْخَيْرٰتِ ؕ وَاُولٰٓئِكَ مِنَ
الصّٰلِحِيْنَ ﴿۱۱۴﴾

(૧૧૪) તેઓ અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખે છે અને નેકીની આજ્ઞા કરે છે. તથા બદીથી મના કરે છે તથા સત્કાર્યોમાં એકમેક કરતાં આગળ વધી જવાની ઉતાવળ કરે છે; અને તેઓ સદાચારી લોકો માંના છે.

وَمَا يَفْعَلُوْا مِنْ خَيْرٍ فَلَنْ يُّكْفَرُوْهُ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿۱۱۵﴾

(૧૧૫) અને જે પણ નેકી તેઓ કરે છે તેની કદર હરગિજ થયા વિના રહેશે નહિ; અને અલ્લાહ પરહેઝગારોથી સંપૂર્ણ વાકેફ છે.

إِنَّ الَّذِينَ كَفَرُوا لَنْ تُغْنِيَ عَنْهُمْ أَمْوَالُهُمْ وَلَا أَوْلَادُهُمْ مِنَ اللَّهِ شَيْئًا ۖ وَأُولَٰئِكَ أَصْحَابُ النَّارِ ۚ هُمْ فِيهَا خَالِدُونَ ﴿١١٦﴾

(૧૧૬) બેશક જેઓ ઈમાન નથી લાવ્યા તેમનો માલ તથા તેમની ઓલાદ તેમને અલ્લાહ (ના અઝાબ)થી (બચાવવાને) જરાએ કામ લાગશે નહિ; અને તેઓ જ આગના રહેવાસીઓ છે, જેમાં તેઓ હંમેશ રહેનારા છે.

مَثَلُ مَا يُنْفِقُوْنَ فِيْ هٰذِهِ الْحَيٰوةِ الدُّنْيَا كَمَثَلِ رِيْحٍ فِيْهَا صِرٌّ
اَصَابَتْ حَرْثَ قَوْمٍ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَاَهْلَكَتْهُ ؕ وَمَا
ظَلَمَهُمُ اللّٰهُ وَلٰكِنْ اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿١١٧﴾

(૧૧૭) આ સંસારી જગતમાં તેઓ જે કાંઈ ખર્ચે છે તેનો દાખલો એક એવા વાયુ જેવો છે કે જેમાં સખત ટાઢ (હિમ) હોય અને તે એક કોમની ખેતીવાડી ઉપર આવી પડે કે જેણે પોતાના જીવો ઉપર (પોતેજ) ઝુલમ કર્યો હોય, પછી તે તે (ખેતીવાડી) નો નાશ કરી નાખે; અને અલ્લાહે તો તેમના પર કાંઈ ઝુલમ કર્યો નહિ, બલ્કે તેઓ પોતે પોતાના જીવ ઉપર ઝુલમ કરતા હતા.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ لَا يَاْلُوْنَكُمْ
خَبَالًا ؕ وَدُّوْا مَا عَنِتُّمْ ۚ قَدْ بَدَتِ الْبَغْضَآءُ مِنْ اَفْوَاهِهِمْ ۖۚ
وَمَا تُخْفِيْ صُدُوْرُهُمْ اَكْبَرُ ؕ قَدْ بَيَّنَّا لَكُمُ الْاٰيٰتِ اِنْ كُنْتُمْ
تَعْقِلُوْنَ ﴿١١٨﴾

(૧૧૮) અય ઈમાન લાવનારાઓ ! પોતાના (માણસો) સિવાય અન્યોને વિશ્વાસુ મિત્ર બનાવો નહિ (કારણ કે) તેઓ તમારી પાયમાલીમાં (કાંઈ) કમી કરશે નહિ; (ઉલ્ટું) તમારા સંકટમાં તેઓ આનંદ પામશે; તેમની વાતવાતમાં શત્રુતા તરી આવે છે, અને જે કાંઈ (કિન્નાખોરી) તેમના અંતઃકરણોમાં છૂપેલી છે તે આ કરતાં કેટલીએ

વધારે છે; ખરેજ અમોએ તમારા માટે નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવી દીધી છે, જો તમે સમજો તો.

هٰٓاَنۡتُمۡ اُولَآءِ تُحِبُّوۡنَهُمۡ وَلَا يُحِبُّوۡنَكُمۡ وَتُؤۡمِنُوۡنَ بِالۡكِتٰبِ كُلِّهٖ ۚ وَاِذَا لَقُوۡكُمۡ قَالُوۡۤا اٰمَنَّا ۖۚ وَاِذَا خَلَوۡا عَضُّوۡا عَلَيۡكُمُ الۡاَنَامِلَ مِنَ الۡغَيۡظِ ؕ قُلۡ مُوۡتُوۡا بِغَيۡظِكُمۡ ؕ اِنَّ اللّٰهَ عَلِيۡمٌۢ بِذَاتِ الصُّدُوۡرِ ﴿۱۱۹﴾

(૧૧૯) ખબરદાર થાઓ ! તમે જ છો કે જે તેમની મોહબ્બત કરો છો અને તેઓ તો તમારી સાથે મોહબ્બત કરતા નથી, વળી તમે સંપૂર્ણ કિતાબ ઉપર ઈમાન રાખો છો, અને જ્યારે તેઓ તમને મળે છે. ત્યારે કહે છે કે અમે પણ ઈમાન લાવ્યા

છીએ, અને જ્યારે એકલા હોય છે ત્યારે તમારી વિરૂદ્ધ ક્રોધે (ભરાઈ) પોતાના આંગળા દાંતો વચ્ચે કરડે છે; (અય રસૂલ!) કહે કે તમે તમારા ક્રોધમાંજ મરી જાઓ; બેશક અલ્લાહ અંતઃકરણોના હાલથી સંપૂર્ણ વાકેફ છે.

اِنۡ تَمۡسَسۡكُمۡ حَسَنَةٌ تَسُؤۡهُمۡ ۫ وَاِنۡ تُصِبۡكُمۡ سَيِّئَةٌ يَّفۡرَحُوۡا بِهَا ‌ؕ وَاِنۡ تَصۡبِرُوۡا وَتَتَّقُوۡا لَا يَضُرُّكُمۡ كَيۡدُهُمۡ شَيۡـًٔـا ‌ؕ اِنَّ اللّٰهَ بِمَا يَعۡمَلُوۡنَ مُحِيۡطٌ ۝١٢٠

(૧૨૦) (અય ઈમાનદારો!) અગર તમને કાંઈ લાભ મળે છે તો તેમને દુઃખ થાય છે, અને જો તમારા ઉપર કોઈ મુસીબત (આવી) પડે છે ત્યારે

તેનાથી તેઓ આનંદ પામે છે; અને જો તમે ધીરજ ધરશો તથા તેમનાથી બચતા રહેશો તો તેમના કાવત્રાં તમને સહેજ પણ નડશે નહિ; એમાં શક નથી કે જે કાંઈ પણ તેઓ કરે છે તે (સઘળું) બેશક અલ્લાહે તેઓના આમાલને (પોતાના ઈલ્મમાં) ઘેરી રાખેલ છે.

وَاِذْ غَدَوْتَ مِنْ اَهْلِكَ تُبَوِّئُ الْمُؤْمِنِيْنَ مَقَاعِدَ لِلْقِتَالِ ط
وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ۝١٢١

(૧૨૧) (અય રસૂલ! ઓહદની લડાઈમાં તે સમયને યાદ કર) જ્યારે તું પરોઢિઆમાંજ તારા બાલબચ્ચાં વચ્ચેથી નીકળીને મોઅમીનોને

લડાઈના મોરચાઓમાં ગોઠવવા લાગ્યો હતો; અને અલ્લાહ સંપૂર્ણ સાંભળનાર (અને) જાણનાર છે.

إِذۡ هَمَّتۡ طَّآئِفَتَانِ مِنكُمۡ أَن تَفۡشَلَا وَٱللَّهُ وَلِيُّهُمَاۗ وَعَلَى ٱللَّهِ فَلۡيَتَوَكَّلِ ٱلۡمُؤۡمِنُونَ ١٢٢

(૧૨૨) (તે સમયને યાદ કર) જ્યારે તમારા માંના બે ટોળાં હિંમત હારી જવાની અણી પર હતાં, પણ (પાછા તરત જ હિંમતવાન થઈ ગયા હતા, કારણ કે) અલ્લાહ તે બંનેની મદદે હતો; અને મોઅમીનોએ અલ્લાહ ઉપર જ ભરોસો કરવો જોઈએ.

وَلَقَدۡ نَصَرَكُمُ اللّٰهُ بِبَدۡرٍ وَّاَنۡتُمۡ اَذِلَّةٌ ۚ فَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمۡ
تَشۡكُرُوۡنَ ﴿۱۲۳﴾

(૧૨૩) ખરેખર અલ્લાહે બદર (ના યુદ્ધ)માં તમારી સહાય કરી હતી જયારે કે તમે (શત્રુઓની સરખામણીમાં) તદ્દન નિર્માલ્ય (નિર્બળ) હતા, માટે અલ્લાહથી ડરો કે કદાચને તમે આભાર માનનારા થઇ જાઓ.

اِذۡ تَقُوۡلُ لِلۡمُؤۡمِنِيۡنَ اَلَنۡ يَّكۡفِيَكُمۡ اَنۡ يُّمِدَّكُمۡ رَبُّكُمۡ بِثَلٰثَةِ
اٰلٰفٍ مِّنَ الۡمَلٰٓـئِكَةِ مُنۡزَلِيۡنَ ﴿۱۲۴﴾

(૧૨૪) (અય રસૂલ! તે સમયને યાદ કર) જ્યારે તું મોઅમીનોને કહેતો હતો કે શું આ વાત તમારા

માટે પૂરતી નહિ થાય કે તમારો પરવરદિગાર (આકાશ પરથી) ત્રણ હજાર ફરિશ્તાઓ નીચે મોકલી તમારી મદદ કરે ?

بَلٰٓى ۙ اِنۡ تَصۡبِرُوۡا وَتَتَّقُوۡا وَيَاۡتُوۡكُمۡ مِّنۡ فَوۡرِهِمۡ هٰذَا يُمۡدِدۡكُمۡ رَبُّكُمۡ بِخَمۡسَةِ اٰلٰفٍ مِّنَ الۡمَلٰٓـئِكَةِ مُسَوِّمِيۡنَ ﴿۱۲۵﴾

(૧૨૫) હા, જો તમે ધીરજ ધરશો અને (રસૂલની) વિરૂદ્ધતા કરતા અટકશો (તો તેમ અવશ્ય થશે) અને જો (તે સ્થિતિમાં) દુશ્મનો ઓચિંતા તમારા પર આવી પડે તો તમારો પરવરદિગાર પાંચ હજાર નિશાનદાર (હથિયાર બંધ) ફરિશ્તાઓ દ્વારા તમારી મદદ કરશે.

وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى لَكُمْ وَلِتَطْمَئِنَّ قُلُوْبُكُمْ بِهٖ ؕ وَمَا
النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿۱۲۶﴾ۙ

(૧૨૬) અને અલ્લાહે આ મદદ તમારા માટે ખુશખબર થાય એ સિવાય બીજા (હેતુ) માટે નક્કી કરી નથી અને (વળી) એ માટે કે તમારા મન તેનાથી શાંત થઈ જાય; અને પ્રત્યેક મદદ જબરદસ્ત હિકમતવાળા અલ્લાહ તરફથી જ હોય છે.

لِيَقْطَعَ طَرَفًا مِّنَ الَّذِيْنَ كَفَرُوْٓا اَوْ يَكْبِتَهُمْ فَيَنْقَلِبُوْا
خَآئِبِيْنَ ﴿۱۲۷﴾

(૧૨૭) (આ મદદ એ માટે કરવામાં આવી) કે જેથી નાસ્તિકોના એક ટોળાનું બળ કાપી નાખે અથવા તેમને એટલા હલકા પાડે કે નિષ્ફળતા સાથે પાછા ફરી જાય.

لَيْسَ لَكَ مِنَ الْاَمْرِ شَىْءٌ اَوْ يَتُوْبَ عَلَيْهِمْ اَوْ يُعَذِّبَهُمْ فَاِنَّهُمْ ظٰلِمُوْنَ۝١٢٨

(૧૨૮) (અય રસૂલ!) એ વિષયમાં તારો કાંઈ અધિકાર નથી કે અલ્લાહ તેમની તૌબા કબૂલ કરે યા તેમને અઝાબ આપે કારણ કે તેઓ અત્યાચારી જ છે.

وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ؕ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ

وَيُعَذِّبُ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۲۹﴾

(૧૨૯) અને જે કાંઈ આસમાનોમાં છે. તથા જે કાંઈ જમીનમાં છે તે સઘળું અલ્લાહનું જ છે; તે જેને ચાહે છે તેને માફ કરી દે છે અને જેને ચાહે છે શિક્ષા કરે છે, અને અલ્લાહ મોટો ક્ષમા કરનાર (અને) દયા કરનાર છે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَاْكُلُوا الرِّبٰۤوا اَضْعَافًا مُّضٰعَفَةً ۪ وَّاتَّقُوا

اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۱۳۰﴾

(૧30) અય ઈમાન લાવનારાઓ ! બમણું ચોગણું વ્યાજ ન ખાઓ અને અલ્લાહથી ડરો કે જેથી તમે સફળતા પામો.

وَاتَّقُوا النَّارَ الَّتِيٓ اُعِدَّتْ لِلْكٰفِرِيْنَ ﴿١٣١﴾

(૧3૧) અને તે અગ્નિથી ડરો કે જે (ખાસ) કાફિરો માટે તૈયાર કરવામાં આવી છે.

وَاَطِيْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿١٣٢﴾

(૧3૨) અને અલ્લાહ તથા રસૂલની આજ્ઞા માનો કે જેથી તમારા પર રહેમ કરવામાં આવે.

وَسَارِعُوْٓا اِلٰى مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ وَجَنَّةٍ عَرْضُهَا السَّمٰوٰتُ
وَالْاَرْضُ ۙ اُعِدَّتْ لِلْمُتَّقِيْنَ ﴿١٣٣﴾

(૧૩૩) અને તમારા પરવરદિગારની ક્ષમા તરફ દોડયા જાઓ અને તે જન્નત તરફ પણ કે જેની વિશાળતા સઘળા આકાશો અને સઘળી જમીનની બરાબર છે, (અને) જે તે પરહેઝગારો માટે તૈયાર કરવામાં આવી છે.

الَّذِيْنَ يُنْفِقُوْنَ فِي السَّرَّآءِ وَالضَّرَّآءِ وَالْكٰظِمِيْنَ الْغَيْظَ
وَالْعَافِيْنَ عَنِ النَّاسِ ؕ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿۱۳۴﴾

(૧૩૪) કે જે (પરહેઝગાર) લોકો શ્રીમંતાઈ અને તંગીમાં (અલ્લાહના માર્ગમાં) ખર્ચ કરતા રહે છે તથા ક્રોધને પી જનારા છે અને લોકોના (અપરાધ)થી દરગુજર કરનારા છે; અને અલ્લાહ ઉપકાર કરનારાઓને દોસ્ત રાખે છે.

وَالَّذِيْنَ اِذَا فَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ ذَكَرُوا اللّٰهَ
فَاسْتَغْفَرُوْا لِذُنُوْبِهِمْ ۖ وَمَنْ يَّغْفِرُ الذُّنُوْبَ اِلَّا اللّٰهُ ۗ وَلَمْ
يُصِرُّوْا عَلٰى مَا فَعَلُوْا وَهُمْ يَعْلَمُوْنَ ﴿١٣٥﴾

(૧૩૫) અને તે લોકો કે જેઓ જ્યારે નિર્લજ કૃત્ય કરી બેસે છે અથવા પોતાના જીવ ઉપર ઝુલ્મ કરે છે ત્યારે અલ્લાહને યાદ કરીને પોતાના અપરાધોની માફી માંગે છે; અને અલ્લાહ સિવાય ગુનાહો કોણ માફ કરી શકે છે? અને જે કાંઈ તેઓ કરી ચૂકયા છે તે ફરી કરવાને જાણી જોઈને આગ્રહ રાખતા નથી (તેવું કૃત્ય ફરીને કરતા નથી).

أُولَٰٓئِكَ جَزَآؤُهُم مَّغۡفِرَةٞ مِّن رَّبِّهِمۡ وَجَنَّٰتٞ تَجۡرِي مِن تَحۡتِهَا
ٱلۡأَنۡهَٰرُ خَٰلِدِينَ فِيهَاۚ وَنِعۡمَ أَجۡرُ ٱلۡعَٰمِلِينَ ١٣٦

(૧૩૬) તેમનો બદલો તેમના પરવરદીગાર તરફથી ક્ષમા છે તથા બાગ બગીચા છે જેની હેઠળ નદીઓ વહે છે, જેમાં તેઓ હંમેશ રહેનાર છે; અને સત્કાર્ય કરનારાઓ માટે (આ) કેવો ઉત્તમ બદલો છે!

قَدۡ خَلَتۡ مِن قَبۡلِكُمۡ سُنَنٞ فَسِيرُواْ فِي ٱلۡأَرۡضِ فَٱنظُرُواْ
كَيۡفَ كَانَ عَٰقِبَةُ ٱلۡمُكَذِّبِينَ ١٣٧

(૧૩૭) તમારી પહેલાં ઘણાંય દ્રષ્ટાંતો બની ગયા છે, જેથી જમીનમાં હરોફરો અને જુઓ કે

(પયગમ્બરોને) જૂઠલાવનારાઓનું કેવું પરિણામ આવ્યું?

هٰذَا بَيَانٌ لِّلنَّاسِ وَهُدًى وَّمَوْعِظَةٌ لِّلْمُتَّقِيْنَ ﴿١٣٨﴾

(૧૩૮) માણસો માટે આ એક (સ્પષ્ટ) વર્ણન છે અને પરહેઝગારો માટે હિદાયત અને નસીહત છે.

وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٣٩﴾

(૧૩૯) અને હિમ્મત હારતા નહિ તથા (આ અણધારી હારથી) દિલગીર થતા નહિ અને જો તમે મોઅમીન છો તો તમે જ ચઢિયાતા રહેશો.

اِنْ يَّمْسَسْكُمْ قَرْحٌ فَقَدْ مَسَّ الْقَوْمَ قَرْحٌ مِّثْلُهٗ ؕ وَتِلْكَ
الْاَيَّامُ نُدَاوِلُهَا بَيْنَ النَّاسِ ۚ وَلِيَعْلَمَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا
وَيَتَّخِذَ مِنْكُمْ شُهَدَآءَ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ۙ﴿۱۴۰﴾

(૧૪૦) જો તમને (જંગે ઓહદમાં) ઘા લાગ્યો છે તો તે લોકોને પણ એવોજ ઘા (જંગે બદરમાં) લાગી ચૂકયો છે; અને આવા દિવસો અમે લોકો વચ્ચે વારા ફરતી લાવ્યા કરીએ છીએ, અને (આ અણધારી હાર) એ માટે (હતી) કે ઈમાન લાવનારા કોણ છે તે અલ્લાહ જાણી લે અને તમારામાંથીજ અમુક (લોકો)ને સાક્ષી કરી લે; અને અલ્લાહ ઝુલમગારોને દોસ્ત રાખતો નથી;

وَلِيُمَحِّصَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَيَمْحَقَ الْكٰفِرِيْنَ﴿۱۴۱﴾

(૧૪૧) અને એ માટે પણ અલ્લાહ ઈમાન લાવનારાઓને કસોટી કરીને અલગ પાડી નાખે અને નાફરમાનોને (પોતાના) આશીર્વાદથી વંચિત રાખે.

اَمْ حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا الْجَنَّةَ وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَيَعْلَمَ الصّٰبِرِيْنَ﴿۱۴۲﴾

(૧૪૨) (અય મુસલમાનો!) શું તમોએ એમ ધારી લીધું છે કે તમે જન્નતમાં ચાલ્યા જશો? જ્યારે હજુ સુધી અલ્લાહે (તમારી કસોટી કરીને) તમને જાણી

લીધા નથી કે તમારામાંથી કોણે કોણે જેહાદ કર્યો છે અને વળી તમારામાંથી ધૈર્યવાન કોણ રહ્યા છે.

وَلَقَدْ كُنْتُمْ تَمَنَّوْنَ الْمَوْتَ مِنْ قَبْلِ اَنْ تَلْقَوْهُ ۖ فَقَدْ
رَاَيْتُمُوْهُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ﴿١٤٣﴾

(૧૪૩) (મૃત્યુની) મુલાકાત કરવા પહેલાં તમે મૃત્યુ (શહાદત)ની ઈચ્છા (વ્યકત) કરતા હતા, પછી તો તમોએ તેને નરી આંખે જોઈજ લીધું (તો હવે લડાઈથી દૂર કેમ ભાગો છો?)

وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ اَفَاۡئِنْ
مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰٓى اَعْقَابِكُمْ ؕ وَمَنْ يَّنْقَلِبْ عَلٰى
عَقِبَيْهِ فَلَنْ يَّضُرَّ اللّٰهَ شَيْـًٔا ؕ وَسَيَجْزِى اللّٰهُ الشّٰكِرِيْنَ ﴿١٤٤﴾

(૧૪૪) મોહમ્મદ (સ. અ. વ.) માત્ર એક રસૂલ છે, જેની પહેલાં ઘણાય રસૂલો થઈ ગયા છે; અગર તે મરી જાય અથવા માર્યો જાય તો શું તમે તમારા પાછલા પગે ફરી જશો ? (યાદ રાખો) કે જે પોતાના પાછલા પગે ફરી જશે તે અલ્લાહનું કાંઈ પણ બગાડી શકશે નહિ અને નજીકમાં જ અલ્લાહ આભાર માનનારાઓને સારો બદલો આપશે.

وَمَا كَانَ لِنَفْسٍ اَنْ تَمُوْتَ اِلَّا بِاِذْنِ اللّٰهِ كِتٰبًا مُّؤَجَّلًا ؕ وَمَنْ يُّرِدْ ثَوَابَ الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا ۚ وَمَنْ يُّرِدْ ثَوَابَ الْاٰخِرَةِ نُؤْتِهٖ مِنْهَا ۚ وَسَنَجْزِى الشّٰكِرِيْنَ ﴿١٤٥﴾

(૧૪૫) અને કોઈ જીવ અલ્લાહના હુકમ સિવાય મરણ પામતો નથી અને તે પણ ઠરાવેલા સમયે જ; અને લોકો આલોકનો બદલો માંગશે તો અમે તેને તેમાંજ આપીશું, અને જે પરલોકનો માંગશે તેને ત્યાં આપીશું; અને નજીકમાંજ અમે આભાર માનનારાઓને સારો બદલો આપીશું.

وَكَاَيِّنۡ مِّنۡ نَّبِىٍّ قٰتَلَ ۙ مَعَهٗ رِبِّيُّوۡنَ كَثِيۡرٌ ۚ فَمَا وَهَنُوۡا لِمَاۤ
اَصَابَهُمۡ فِىۡ سَبِيۡلِ اللّٰهِ وَمَا ضَعُفُوۡا وَمَا اسۡتَكَانُوۡا ؕ وَاللّٰهُ
يُحِبُّ الصّٰبِرِيۡنَ ﴿۱۴۶﴾

(૧૪૬) અને (અય મુસલમાનો ! માત્ર તમે જ નહિ પણ) ઘણાંય નબીઓ હતા કે જેમની હિમાયતમાં

અલ્લાહવાળાઓ (ઘણી) મોટી સંખ્યામાં લડયા હતા, અને પછી અલ્લાહની રાહમાં તેમના પર જે મુસીબત પડી હતી તેનાથી ન તેઓ હિમ્મત હાર્યા હતા ન કાયરતા જાહેર કરી હતી, તેમજ (દુશ્મનો સામે) ઢીલા (પણ) પડ્યા ન હતા; અને (એવી) ધીરજ ધરનારાઓનેજ અલ્લાહ દોસ્ત રાખે છે.

وَمَا كَانَ قَوْلَهُمْ اِلَّآ اَنْ قَالُوْا رَبَّنَا اغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَاِسْرَافَنَا فِيْٓ اَمْرِنَا وَثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿١٤٧﴾

(૧૪૭) અને (વળી ખુબી તો એ છે કે) તેમનું કહેવું આ સિવાય કાંઈ ન હતું કે અય અમારા

પરવરદિગાર! અમારા ગુનાહોને તથા અમારા તે મામલાઓને કે જેમાં અમે હદ બહાર ગયા હોઈએ માફ કરી દે તથા અમારા કદમ જમાવી રાખ અને તે નાસ્તિકો વિરૂદ્ધ અમારી સહાય કર.

فَاٰتٰىهُمُ اللّٰهُ ثَوَابَ الدُّنْيَا وَحُسْنَ ثَوَابِ الْاٰخِرَةِ ؕ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿۱۴۸﴾

(૧૪૮) જેથી અલ્લાહે તેમને દુનિયાનો બદલો આપ્યો અને આખેરતનો બદલો તો તેનાથી પણ સરસ આપશે; અને અલ્લાહ નેકી કરનારાઓને દોસ્ત રાખે છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِنۡ تُطِيۡعُوا الَّذِيۡنَ كَفَرُوۡا يَرُدُّوۡكُمۡ عَلٰٓى اَعۡقَابِكُمۡ فَتَنۡقَلِبُوۡا خٰسِرِيۡنَ ﴿۱۴۹﴾

(૧૪૯) અય ઈમાન લાવનારાઓ! જો તમે કાફિરોની આજ્ઞા માનશો તો તેઓ તમને પાછલા પગે ફેરવી દેશે પછી તમે હાનિ ભોગવી પાછા ફરશો.

بَلِ اللّٰهُ مَوۡلٰٮكُمۡ‌ ۚ وَهُوَ خَيۡرُ النّٰصِرِيۡنَ ﴿۱۵۰﴾

(૧૫૦) બલ્કે અલ્લાહ તમારો હિમાયતી છે અને તે સૌથી સારો મદદગાર છે.

سَنُلۡقِیۡ فِیۡ قُلُوۡبِ الَّذِیۡنَ کَفَرُوا الرُّعۡبَ بِمَاۤ اَشۡرَکُوۡا بِاللّٰہِ مَا
لَمۡ یُنَزِّلۡ بِہٖ سُلۡطٰنًا ۚ وَمَاۡوٰىہُمُ النَّارُ ؕ وَبِئۡسَ مَثۡوَی
الظّٰلِمِیۡنَ﴿۱۵۱﴾

(૧૫૧) નજીકમાં અમે નાસ્તીકોના મનમાં (તમારો) પ્રભાવ નાખી દઈશું કારણ કે તેમણે એવાને અલ્લાહનો શરીક ઠરાવ્યો છે કે જેના વિષે અલ્લાહે કોઈ સનદ ઉતારી નથી, અને તેમનું ઠેકાણું જહન્નમ છે; અને ઝાલિમોનું રહેઠાણ ઘણું જ ખરાબ હશે.

وَلَقَدۡ صَدَقَکُمُ اللّٰہُ وَعۡدَہٗۤ اِذۡ تَحُسُّوۡنَہُمۡ بِاِذۡنِہٖ ۚ حَتّٰۤی اِذَا
فَشِلۡتُمۡ وَتَنَازَعۡتُمۡ فِی الۡاَمۡرِ وَعَصَیۡتُمۡ مِّنۡۢ بَعۡدِ مَاۤ اَرٰىکُمۡ

مَّا تُحِبُّوْنَ ؕ مِنْكُمْ مَّنْ يُّرِيْدُ الدُّنْيَا وَمِنْكُمْ مَّنْ يُّرِيْدُ
الْاٰخِرَةَ ۚ ثُمَّ صَرَفَكُمْ عَنْهُمْ لِيَبْتَلِيَكُمْ ۚ وَلَقَدْ عَفَا
عَنْكُمْ ؕ وَاللّٰهُ ذُوْ فَضْلٍ عَلَى الْمُؤْمِنِيْنَ ﴿۱۵۲﴾

(૧૫૨) અને ખરેખર અલ્લાહે તમારી સાથે (કરેલો) વિજયનો વાયદો (જંગે ઓહદમાં) સાચો કરી દેખાડયો જ્યારે કે તમે તેના હુકમથી તેમને (પહેલાજ હુમલામાં) વીણી વીણીને કતલ કરતા હતા અહીં સુધી કે જ્યારે તમે બુઝદિલ (કાયર) બની ગયા અને (મોરચાઓ પરથી નહિ ખસવાની આજ્ઞા સંબંધી) અંદરો અંદર કજિયો કરવા લાગ્યા (હતા) અને જે વસ્તુ (યાને જીત)ની તમે અપેક્ષા

રાખતા હતા તે અલ્લાહે (પ્રત્યક્ષ) દેખાડયા પછી (પણ) તમોએ (રસૂલની) નાફરમાની કરી; તમારામાંથી કેટલાક દુનિયાને ચાહનારા હતા અને તમારામાંથી કેટલાકો આખેરતને ચાહનારા હતા, પછી તેણે તમારૂં મોઢું તે (કાફિરો)ની તરફથી ફેરવી નાખ્યું (અને તમે નાસવા લાગ્યા) કે જેથી તે (અલ્લાહ) તમારી કસોટી કરે, અને ખરેખર અલ્લાહે તમારાથી દરગુજર કરી; અને અલ્લાહ મોઅમીનો પર મહા કૃપાવંત છે.

إِذۡ تُصۡعِدُوۡنَ وَلَا تَلۡوٗنَ عَلٰٓى اَحَدٍ وَّالرَّسُوۡلُ يَدۡعُوۡكُمۡ فِىۡۤ
اُخۡرٰٮكُمۡ فَاَثَابَكُمۡ غَمًّۢا بِغَمٍّ لِّـكَيۡلَا تَحۡزَنُوۡا عَلٰى مَا فَاتَكُمۡ
وَلَا مَاۤ اَصَابَكُمۡ‌ؕ وَاللّٰهُ خَبِيۡرٌۢ بِمَا تَعۡمَلُوۡنَ ﴿۱۵۳﴾

(૧૫૩) (તે સમયને યાદ કરો) જ્યારે તમે આગળને આગળ નાસી જતા હતા અને પાછા વળીને પણ કોઈને જોતા ન હતા અને પાછળથી રસૂલ તમને બોલાવી રહ્યો હતો, પછી અલ્લાહે તમારા પર દુઃખ ઉપર દુઃખ નાખ્યું, આ એટલા માટે કે જ્યારે કદી પણ તમારા હાથમાંથી એકાદ વસ્તુ જતી રહે અથવા તમારા ઉપર એકાદ સંકટ આવી પડે તો તેનો અફસોસ કરો નહિ; અને જે

કાંઈ કરણી તમે કરો છો અલ્લાહ તેનાથી ખબરદાર છે.

ثُمَّ اَنۡزَلَ عَلَيۡكُمۡ مِّنۡۢ بَعۡدِ الۡغَمِّ اَمَنَةً نُّعَاسًا يَّغۡشٰى طَآٮِٕفَةً
مِّنۡكُمۡ‌ ۙ وَطَآٮِٕفَةٌ قَدۡ اَهَمَّتۡهُمۡ اَنۡفُسُهُمۡ يَظُنُّوۡنَ بِاللّٰهِ غَيۡرَ
الۡحَـقِّ ظَنَّ الۡجَـاهِلِيَّةِ‌ؕ يَقُوۡلُوۡنَ هَلۡ لَّنَا مِنَ الۡاَمۡرِ مِنۡ شَىۡءٍ‌ؕ
قُلۡ اِنَّ الۡاَمۡرَ كُلَّهٗ لِلّٰهِ‌ؕ يُخۡفُوۡنَ فِىۡۤ اَنۡفُسِهِمۡ مَّا لَا يُبۡدُوۡنَ
لَكَ‌ؕ يَقُوۡلُوۡنَ لَوۡ كَانَ لَنَا مِنَ الۡاَمۡرِ شَىۡءٌ مَّا قُتِلۡنَا هٰهُنَا ‌ؕ
قُلْ لَّوۡ كُنۡتُمۡ فِىۡ بُيُوۡتِكُمۡ لَبَرَزَ الَّذِيۡنَ كُتِبَ عَلَيۡهِمُ الۡقَتۡلُ
اِلٰى مَضَاجِعِهِمۡ‌ ۚ وَلِيَبۡتَلِىَ اللّٰهُ مَا فِىۡ صُدُوۡرِكُمۡ وَلِيُمَحِّصَ
مَا فِىۡ قُلُوۡبِكُمۡ‌ؕ وَاللّٰهُ عَلِيۡمٌۢ بِذَاتِ الصُّدُوۡرِ‏ ﴿۱۵۴﴾

(૧૫૪) પછી અલ્લાહે તે દુઃખ બાદ તમારા ઉપર નિર્ભયપણું ઉતાર્યું (જે) એક શાંતિદાયક નિંદ્રા હતી જે તમારા માંના એક ટોળા ઉપર પથરાઈ ગઈ, અને એક ટોળાવાળા (કે જે દાંભિકો હતા તેઓ) પોતાના જીવની ચિંતામાંજ સપડાઈ ગયા હતા અને અજ્ઞાનતાના કાળના જેવી ખોટી કલ્પનાઓ અલ્લાહ વિષે કરવા લાગ્યા; (અને) કહેતા હતા કે આ મામલામાં અમારો પણ કાંઈ અધિકાર છે? (અય રસૂલ) કહે, નિસંશય (દરેક) મામલાનો (ફેંસલો કરવો) સંપૂર્ણ રીતે અલ્લાહના હાથમાં છે; તેઓ પોતાના મનમાં એવું કાંઈ સંતાડી રહ્યા છે જે તારા પર જાહેર કરતા નથી; (અને) કહે છે કે જો

આ મામલામાં અમારો કાંઈ અધિકાર હોત તો અમે આ સ્થળે માર્યા જતે નહિ; (અય રસૂલ!) કહે કે જો તમે તમારા ઘરોમાં પણ હોત તો પણ જેના માટે માર્યા જવાનું લખાઈ ચૂકયું હતું તેઓ પોતાના માર્યા જવાના સ્થાને જરૂર નીકળી આવતે, અને આ એટલા માટે કે અલ્લાહ જે તમારા દિલોમાં છે તેની કસોટી કરી લે, તથા જે કાંઈ તમારા અંતઃકરણોમાં છે તેનું માપ કાઢી લે; અને અલ્લાહ મનની હાલતોથી ખૂબ વાકેફ છે.

إِنَّ الَّذِيْنَ تَوَلَّوْا مِنْكُمْ يَوْمَ الْتَقَى الْجَمْعٰنِ ۙ إِنَّمَا اسْتَزَلَّهُمُ
الشَّيْطٰنُ بِبَعْضِ مَا كَسَبُوْا ۚ وَلَقَدْ عَفَا اللّٰهُ عَنْهُمْ ۗ إِنَّ اللّٰهَ
غَفُوْرٌ حَلِيْمٌ ﴿١٥٥﴾

(૧૫૫) નિસંશય (ઓહદની લડાઈમાં) બે લશ્કરોએ એક બીજાનો મુકાબલો કર્યો તે દિવસે (તમારામાંથી) જે લોકોએ મોઢું ફેરવ્યું (અને નાસી ગયા) તેનું કારણ એ સિવાય બીજું કાંઈ ન હતું કે તેમણે કરેલા કુકર્મો માંના કેટલાકને લીધે શૈતાને તેમને ડગમગાવ્યા હતા અને ખરેખર (તે છતાં) અલ્લાહે તેમના (કસુર)થી દરગુજર કરી; બેશક અલ્લાહ મોટો ક્ષમા કરનાર (અને) સહનશીલ છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَكُوْنُوْا كَالَّذِيْنَ كَفَرُوْا وَقَالُوْا

لِاِخْوَانِهِمْ اِذَا ضَرَبُوْا فِي الْاَرْضِ اَوْ كَانُوْا غُزًّى لَّوْ كَانُوْا

عِنْدَنَا مَا مَاتُوْا وَمَا قُتِلُوْا ۚ لِيَجْعَلَ اللّٰهُ ذٰلِكَ حَسْرَةً فِيْ

قُلُوْبِهِمْ ؕ وَاللّٰهُ يُحْيٖ وَيُمِيْتُ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿۱۵۶﴾

(૧૫૬) અય ઈમાન લાવનારાઓ! તમે તેમના જેવા ન થાઓ કે જેઓ (ઈમાનથી) ફરી ગયા છે અને પોતાના ભાઈબંધોના સબંધમાં જયારે કે તેઓ મુસાફરીમાં ગયા (હોય) અથવા જેહાદ કરવામાં રોકાએલા (હોય ત્યારે) આ કહેવા લાગે છે કે જો તેઓ અમારી પાસે (રહ્યા) હોત તો ન મરણ પામતે અને ન કત્લ થાત, તેમના મનમાં (અલ્લાહે

આ વિચાર એ માટે ઉત્પન્ન કરી દીધો) કે અલ્લાહ તેમના અંતઃકરણોમાં (જિંદગીભર) તેને ખેદ (નું કારણ) બનાવી દે; જો કે અલ્લાહજ જીવાડે છે અને મારે છે; અને જે કર્મો તમે કરો છો તે સઘળા અલ્લાહ નિહાળે છે.

وَلَئِنۡ قُتِلۡتُمۡ فِىۡ سَبِيۡلِ اللّٰهِ اَوۡ مُتُّمۡ لَمَغۡفِرَةٌ مِّنَ اللّٰهِ وَرَحۡمَةٌ
خَيۡرٌ مِّمَّا يَجۡمَعُوۡنَ ﴿۱۵۷﴾

(૧૫૭) અને તમે અલ્લાહના માર્ગમાં માર્યા જાઓ અથવા તમારા મોતે મરી જાઓ તો જે કાંઈ તેઓ ભેગું કરતા રહે છે તેના કરતાં અલ્લાહની ક્ષમા તથા રહેમત વધારે સારી છે.

وَلَئِنۡ مُّتُّمۡ اَوۡ قُتِلۡتُمۡ لَاِالَى اللّٰهِ تُحۡشَرُوۡنَ﴿۱۵۸﴾

(૧૫૮) અને જો તમે (તમારા મોતે) મરી જાઓ અથવા મારી નાખવામાં આવે તો અલ્લાહની હજૂરમાં ભેગા તો ખરેખર કરવામાં આવશો.

فَبِمَا رَحۡمَةٍ مِّنَ اللّٰهِ لِنۡتَ لَهُمۡ‌ۚ وَلَوۡ كُنۡتَ فَظًّا غَلِيۡظَ الۡقَلۡبِ لَانۡفَضُّوۡا مِنۡ حَوۡلِكَ‌ۖ فَاعۡفُ عَنۡهُمۡ وَاسۡتَغۡفِرۡ لَهُمۡ وَشَاوِرۡهُمۡ فِى الۡاَمۡرِ‌ۚ فَاِذَا عَزَمۡتَ فَتَوَكَّلۡ عَلَى اللّٰهِ‌ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُتَوَكِّلِيۡنَ﴿۱۵۹﴾

(૧૫૯) પછી (અય રસૂલ!) અલ્લાહની રહેમતના કારણે તેં તેમની સાથે નમ્ર વર્તન ચલાવ્યું, પણ જો તું તુંદમિઝાજ અને સખત દિલનો હોત તો

તેઓ તારી પાસેથી (કયારનાય) વિખેરાઈ ગયા હોત, જેથી હજી પણ તું તેમના (ઓહદની લડાઈમાંથી નાસી જવાના અપરાધ)થી દરગુજર કર અને તેમના માટે ક્ષમાની યાચના કર તથા તેમની સાથે (પહેલાંની જેમ) મામલાઓમાં સલાહ કર્યા કર, અને (સલાહ કર્યા પછી) જ્યારે કોઈ વાતનો દ્રઢ નિશ્ચય તું કરી લે તો બેશક અલ્લાહ પર ભરોસો રાખીને તેમ કર; નિસંશય અલ્લાહ ભરોસો રાખનારાઓને દોસ્ત રાખે છે.

اِنۡ یَّنۡصُرۡکُمُ اللّٰہُ فَلَا غَالِبَ لَکُمۡ ۚ وَاِنۡ یَّخۡذُلۡکُمۡ فَمَنۡ ذَا
الَّذِیۡ یَنۡصُرُکُمۡ مِّنۡۢ بَعۡدِہٖ ؕ وَعَلَی اللّٰہِ فَلۡیَتَوَکَّلِ الۡمُؤۡمِنُوۡنَ ﴿۱۶۰﴾

(૧૬૦) (અય મુસલમાનો ! યાદ રાખો કે) અગર અલ્લાહ તમારી મદદ કરશે તો તમારા ઉપર કોઈ પણ વિજય મેળવનાર નથી, અને જો તે તમને તજી દેશે તો પછી એવો કોણ છે જે (તેની વિરૂદ્ધ) તમારી મદદ કરશે? અને મોઅમીનોને લાઝિમ છે કે અલ્લાહ ઉપરજ આધાર રાખતા રહે.

وَمَا كَانَ لِنَبِيٍّ اَنْ يَّغُلَّ ؕ وَمَنْ يَّغْلُلْ يَاْتِ بِمَا غَلَّ يَوْمَ الْقِيٰمَةِ ۚ ثُمَّ تُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿۱۶۱﴾

(૧૬૧) અને કોઈ નબીનું એ કાર્ય નથી કે તે (ગનીમતના માલમાંથી) કોઈ વસ્તુ (અપ્રમાણિકપણે) પચાવી પાડે; અને જે કોઈ છુપી રીતે કોઈ વસ્તુ પચાવી પાડશે તો કયામતના

દિવસે તેને તે જાહેર કરવી પડશે, પછી દરેકને તેના કર્મોનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે અને તેમના પર કાંઈપણ ઝુલમ કરવામાં આવશે નહિ.

اَفَمَنِ اتَّبَعَ رِضْوَانَ اللّٰهِ كَمَنْۢ بَآءَ بِسَخَطٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰىهُ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿۱۶۲﴾

(૧૬૨) શું તે શખ્સ જે અલ્લાહની મરજીને અનુસરીને ચાલે છે તે તેના જેવો હોય છે કે જેણે અલ્લાહની નારાજી વ્હોરી લીધી હોય અને તેનું ઠેકાણું જહન્નમ હોય? અને તે ઘણું જ ખરાબ પાછા ફરવાનું રહેઠાણ છે.

هُمْ دَرَجٰتٌ عِنْدَ اللّٰهِ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿١٦٣﴾

(૧૬૩) તેમના તો અલ્લાહની પાસે મોટા દરજ્જા છે; અને તેઓ જે કાંઈ કરે છે તે અલ્લાહ નિહાળે છે.

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ۚ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿١٦٤﴾

(૧૬૪) બેશક અલ્લાહે મોઅમીનો પર (મહાન) ઉપકાર કર્યો જયારે તેઓમાં તેઓમાંથી જ એક નબી ઊભો કર્યો જે તેમની સમક્ષ અલ્લાહની આયતો પઢે છે તથા તેમને પાક કરે છે અને

કિતાબ તથા હિકમત (સારૂં-નરસું પારખવાનું જ્ઞાન) શીખવે છે, જો કે તેઓ આ પહેલાં ખુલ્લી ગુમરાહીમાં હતા.

اَوَلَمَّآ اَصَابَتۡكُمۡ مُّصِيۡبَةٌ قَدۡ اَصَبۡتُمۡ مِّثۡلَيۡهَا ۙ قُلۡتُمۡ اَنّٰى

هٰذَا ؕ قُلۡ هُوَ مِنۡ عِنۡدِ اَنۡفُسِكُمۡ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَىۡءٍ

قَدِيۡرٌ ﴿۱۶۵﴾

(૧૬૫) (અય મુસલમાનો!) શું જ્યારે તમારા ઉપર (જંગે ઓહદમાં) એવી મુસીબત આવી પડી કે જેનાથી ખરેખર બમણી (મુસીબત બદરની લડાઈમાં) તમે પોતેજ (નાસ્તિકોને) પહોંચાડી ચૂકયા હતા ત્યારે (ગભરાઈ જઈને) તમે એવું

કહેવા લાગ્યા છો કે આ (મુસીબત) કયાંથી આવી પડી? (અય રસૂલ!) તું કહે કે એ તમારા પોતાની તરફની છે; (કારણ કે જો તમે રસૂલની નાફરમાની ન કરતે તો આ મુસીબત આવી પડતે નહિ); બેશક અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે.

وَمَآ اَصَابَكُمۡ يَوۡمَ الۡتَقَى الۡجَمۡعٰنِ فَبِاِذۡنِ اللّٰهِ وَلِيَعۡلَمَ الۡمُؤۡمِنِيۡنَ ۙ﴿۱۶۶﴾

(૧૬૬) અને જે કાંઈ મુસીબત તમારા ઉપર તે દિવસે પડી કે જે (જંગે ઓહદના) દિવસે બે ટોળાં સામસામે આવી ગયાં હતાં તે અલ્લાહના હુકમથી આવી હતી અને (તે એ માટે હતી) કે અલ્લાહ મોઅમીન કોણ છે તે જાણી લે;

وَلِيَعۡلَمَ الَّذِيۡنَ نَافَقُوۡا ‌ۖۚ وَقِيۡلَ لَهُمۡ تَعَالَوۡا قَاتِلُوۡا فِىۡ سَبِيۡلِ
اللّٰهِ اَوِ ادۡفَعُوۡا‌ ؕ قَالُوۡا لَوۡ نَعۡلَمُ قِتَالًا لَّا اتَّبَعۡنٰكُمۡ‌ ؕ هُمۡ
لِلۡكُفۡرِ يَوۡمَئِذٍ اَقۡرَبُ مِنۡهُمۡ لِلۡاِيۡمَانِ‌ ۚ يَقُوۡلُوۡنَ بِاَفۡوَاهِهِمۡ
مَّا لَيۡسَ فِىۡ قُلُوۡبِهِمۡ‌ ؕ وَاللّٰهُ اَعۡلَمُ بِمَا يَكۡتُمُوۡنَ ‌ۚ‏﴿۱۶۷﴾

(૧૬૭) અને તેમને પણ જાણી લે કે જેઓ મુનાફીક હતા અને તેમને કહેવામાં આવ્યું કે આવો (અને) અલ્લાહની રાહમાં લડો અથવા (દુશ્મનોને) ટાળો; ત્યારે કહેવા લાગ્યા કે જો અમને લડતાં આવડતું હોત તો ખચીતજ અમે તમારો સાથ આપતે, તે (મુનાફીકો) તે દિવસે ઈમાન કરતાં કુફ્ર (બેઈમાની) ની વધુ નજીક હતા, તેઓ પોતાના મોઢેથી (એવું)

કહે છે જે કાંઈ તેમના મનમાં નથી (હોતું); જોકે તેઓ જે કાંઈ સંતાડે છે તેનાથી અલ્લાહ સારી પેઠે વાકેફ છે.

اَلَّذِيۡنَ قَالُوۡا لِاِخۡوَانِهِمۡ وَقَعَدُوۡا لَوۡ اَطَاعُوۡنَا مَا قُتِلُوۡا ؕ قُلۡ فَادۡرَءُوۡا عَنۡ اَنۡفُسِكُمُ الۡمَوۡتَ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿۱۶۸﴾

(૧૬૮) જે લોકો પોતે લડાઈ (કરવા)થી બેસી રહી (લડાઈમાં માર્યા ગએલા) પોતાના ભાઈબંધો સબંધી કહેવા લાગ્યા કે જો તેઓ અમારૂં કહેવું માનતે તો માર્યા જતે નહિ; (અય રસૂલ!) તું તેમને કહે કે જો તમે સાચા હો તો તમારા પોતા (પર)થી મૃત્યુ ટાળી દો.

وَلَا تَحۡسَبَنَّ الَّذِيۡنَ قُتِلُوۡا فِيۡ سَبِيۡلِ اللّٰهِ اَمۡوَاتًا ؕ بَلۡ اَحۡيَآءٌ

عِنۡدَ رَبِّهِمۡ يُرۡزَقُوۡنَ ۙ﴿۱۶۹﴾

(૧૬૯) અને જે લોકો અલ્લાહની રાહમાં માર્યા ગયા છે તેમને હરગિજ મરણ પામેલા સમજો નહિ; બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવતા હોઈ (ઉત્તમ) રોજી મેળવે છે;

فَرِحِيۡنَ بِمَآ اٰتٰٮهُمُ اللّٰهُ مِنۡ فَضۡلِهٖ ۙ وَيَسۡتَبۡشِرُوۡنَ بِالَّذِيۡنَ

لَمۡ يَلۡحَقُوۡا بِهِمۡ مِّنۡ خَلۡفِهِمۡ ۙ اَلَّا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ

يَحۡزَنُوۡنَ ﴿۱۷۰﴾

(૧૭૦) અલ્લાહે પોતાની કૃપાથી તેમને જે કાંઈ આપ્યું છે તેનાથી તેઓ ખુશ છે, અને જે લોકો

પાછળ રહી ગયા છે અને અત્યાર સુધી તેમને (જઈ) મળ્યા નથી તેમના વિષે (આ) ખુશખબર મેળવી આનંદ માને છે કે તેમના પર કોઈ જાતનો ભય નથી તેમજ તેઓ દિલગીર થશે નહિ.

يَسْتَبْشِرُوْنَ بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ ۙ وَّاَنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُؤْمِنِيْنَ ۚ﴿١٧١﴾

(૧૭૧) અલ્લાહની નેઅમતો તથા કૃપાની ખુશખબરો સાંભળી ખુશ થાય છે. અને (એ પણ સાંભળીને કે) અલ્લાહ મોઅમીનોનો કોઈ બદલો વ્યર્થ જવા દેતો નથી.

اَلَّذِيْنَ اسْتَجَابُوْا لِلّٰهِ وَالرَّسُوْلِ مِنْۢ بَعْدِ مَآ اَصَابَهُمُ
الْقَرْحُ ۛؕ لِلَّذِيْنَ اَحْسَنُوْا مِنْهُمْ وَاتَّقَوْا اَجْرٌ عَظِيْمٌ ۚ﴿۱۷۲﴾

(૧૭૨) (જંગે ઓહદમાં) જેમને ઘા લાગી ચૂકયા પછી પણ અલ્લાહ તથા રસૂલની આજ્ઞા માની લીધી તેઓમાંથી જેમણે સત્કાર્યો કર્યા અને પરહેઝગારી કરી તેમના માટે ઘણો મોટો બદલો છે.

اَلَّذِيْنَ قَالَ لَهُمُ النَّاسُ اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا لَكُمْ
فَاخْشَوْهُمْ فَزَادَهُمْ اِيْمَانًا ۖۗ وَّقَالُوْا حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ
الْوَكِيْلُ ﴿۱۷۳﴾

(૧૭૩) આ તે (લોકો) છે કે જેમને લોકોએ કહ્યું કે નિસંશય (દુશ્મન) લોકોએ તમારા (મુકાબલા) માટે (ભારે) લશ્કર ભેગું કરી લીધું છે માટે તેમનાથી ડરતા રહો ત્યારે (ભય પામવાને બદલે) આ ખબરે તેમના ઈમાનને વધુ વધારી મૂકયું, અને તેઓ કહેવા લાગ્યા કે અલ્લાહ અમારા માટે બસ છે અને તે સર્વોત્તમ કાર્યસાધક છે.

فَانْقَلَبُوْا بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ لَّمْ يَمْسَسْهُمْ سُوْٓءٌ ۙ وَّاتَّبَعُوْا رِضْوَانَ اللّٰهِ ۗ وَاللّٰهُ ذُوْ فَضْلٍ عَظِيْمٍ ۝١٧٤

(૧૭૪) જેથી તેઓ અલ્લાહની બક્ષીશ તથા કૃપા સાથે (લડાઈમાં)થી પાછા ફરી આવ્યા અને તેમને કાંઈપણ ઈજા પહોંચી નહિ અને વળી તેઓ

અલ્લાહની ખુશીને પણ અનુસર્યા; અને અલ્લાહ મહાન કૃપાળુ છે.

إِنَّمَا ذَٰلِكُمُ الشَّيْطَٰنُ يُخَوِّفُ أَوْلِيَآءَهُۥ فَلَا تَخَافُوهُمْ وَخَافُونِ إِن كُنتُم مُّؤْمِنِينَ ﴿١٧٥﴾

(૧૭૫) આ તો માત્ર શયતાન છે, જે પોતાના મિત્રોથી તમને બીવરાવ્યા કરે છે, માટે અગર તમે મોઅમીન હો તો તેમનાથી ડરો નહિ, કેવળ મારાથી જ ડરતા રહો.

وَلَا يَحْزُنكَ الَّذِينَ يُسَارِعُونَ فِي الْكُفْرِ ۚ إِنَّهُمْ لَن يَضُرُّوا اللَّهَ شَيْـًٔا ۗ يُرِيدُ اللَّهُ أَلَّا يَجْعَلَ لَهُمْ حَظًّا فِي الْآخِرَةِ ۖ وَلَهُمْ عَذَابٌ عَظِيمٌ ﴿١٧٦﴾

(૧૭૬) અને (અય રસૂલ!) જે લોકો કાફિરોની મદદ કરવાની શોધમાં દોડયા જાય છે તે વાતથી તને દુઃખ થવા ન પામે, ખરેજ તેઓ અલ્લાહનું કાંઈ બગાડી શકશે નહિ; (બલ્કે) અલ્લાહનો એવો ઈરાદો છે કે આખેરતમાં તેમનો કાંઈપણ (ભાગ) રાખે નહિ, અને તેમના માટે મોટો અઝાબ છે.

إِنَّ الَّذِينَ اشْتَرَوُا الْكُفْرَ بِالْإِيمَانِ لَنْ يَضُرُّوا اللَّهَ شَيْئًا ۚ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿١٧٧﴾

(૧૭૭) બેશક જે લોકોએ ઈમાનના બદલે કુફ્ર ખરીદી લીધું તેઓ હરગિજ અલ્લાહનું કાંઈ નુકસાન કરશે નહિ, અને તેમના માટે દુઃખદાયક અઝાબ છે.

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْٓا اَنَّمَا نُمْلِيْ لَهُمْ خَيْرٌ لِّاَنْفُسِهِمْ ؕ
اِنَّمَا نُمْلِيْ لَهُمْ لِيَزْدَادُوْٓا اِثْمًا ۚ وَلَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۷۸﴾

(૧૭૮) અને જે લોકો ઈમાન નથી લાવ્યા તેઓ કદી પણ એવું ગુમાન ન કરે કે અમે જે મોહલત તેમને આપીએ છીએ તે તેમના માટે લાભદાઈ છે; (નહિ, બલ્કે) અમે તેમને (મોહલત) માત્ર એટલા માટે આપીએ છીએ કે ગુનાહના કાર્યોમાં તેઓ વધુ વધી જાય, અને છેવટે તેમના માટે દુ:ખદાયક અઝાબ છે.

مَا كَانَ اللّٰهُ لِيَذَرَ الْمُؤْمِنِيْنَ عَلٰى مَآ اَنْتُمْ عَلَيْهِ حَتّٰى يَمِيْزَ
الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ ؕ وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ

وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ ۖ فَاٰمِنُوْا بِاللّٰهِ
وَرُسُلِهٖ ۚ وَاِنْ تُؤْمِنُوْا وَتَتَّقُوْا فَلَكُمْ اَجْرٌ عَظِيْمٌ ﴿۱۷۹﴾

(૧૭૯) (અય મુનાફીકો!) અલ્લાહ એવો નથી કે જે સ્થિતિમાં તમે છો તેજ સ્થિતિમાં મોઅમીનોને (તમારી સાથે એકઠા મળી) રહેવા દે, અહીં સુધી કે તે નાપાકને પાકથી જુદા પાડી ન નાખે, વળી અલ્લાહ એવો પણ નથી કે તમો (સર્વ)ને ગેબની વાતોથી વાકેફ કરે, પણ (અલબત્ત) અલ્લાહ પોતાના રસૂલોમાંથી જેને ચાહે તેને ચુંટી કાઢે છે, માટે તમે અલ્લાહ તથા તેના રસૂલો પર ઈમાન લાવો, અને અગર તમે ઈમાન લાવશો અને

પરહેઝગારી ધારણ કરશો તો તમારા માટે ઘણો મોટો બદલો છે.

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَخَيْرًا لَّهُمْ ؕ بَلْ هُوَشَرٌّ لَّهُمْ ؕ سَيُطَوَّقُوْنَ مَا بَخِلُوْا بِهٖ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَلِلّٰهِ مِيْرَاثُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ۠﴿١٨٠﴾

(૧૮૦) અને જેમને અલ્લાહે પોતાની કૃપાથી જે કાંઈ આપ્યું છે તેના સબંધમાં જેઓ કંજૂસાઈ કરે છે તેઓ એવું ગુમાન ન કરે કે તેમની આ (કંજૂસાઈ) તેમના માટે સારી છે; બલ્કે તે તેમના માટે (ઘણીજ) ખરાબ છે; જે વસ્તુઓના સબંધમાં

તેઓ કંજૂસાઈ કરતા હતા (એજ વસ્તુઓ) કયામતના દિવસે તૌક બનાવી તેમને પહેરાવવામાં આવશે; અને સઘળા આકાશો તથા જમીનનો વારસ અલ્લાહજ છે; અને જે કાંઈ તમે કરો છો તે સર્વનો અલ્લાહજ સંપૂર્ણ જાણકાર છે.

لَقَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّنَحْنُ اَغْنِيَآءُ ۘ سَنَكْتُبُ مَا قَالُوْا وَقَتْلَهُمُ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ ۙ وَّنَقُوْلُ ذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿١٨١﴾

(૧૮૧) ખરેખર અલ્લાહે તે લોકોનું બકવું સાંભળ્યું છે જેમણે કહ્યું કે અલ્લાહ તો મોહતાજ છે, અને અમે તવંગર છીએ; તેમણે જે કાંઈ કહ્યું છે તે અને

તેમનું નબીઓને નાહક મારી નાખવું અમે અવશ્ય લખી લઈએ છીએ, અને કહીશું કે ધગધગતી આગની સજાની મજા ચાખો.

ذٰلِكَ بِمَا قَدَّمَتۡ اَيۡدِيۡكُمۡ وَاَنَّ اللّٰهَ لَيۡسَ بِظَلَّامٍ لِّلۡعَبِيۡدِ ﴿١٨٢﴾

(૧૮૨) તમારા હાથોએ જે આગળથી મોકલ્યું છે તેનો જ આ બદલો છે અને અલ્લાહ (પોતાના) બંદાઓના હકમાં જરાએ ઝુલમગાર નથી.

اَلَّذِيۡنَ قَالُوۡۤا اِنَّ اللّٰهَ عَهِدَ اِلَيۡنَاۤ اَلَّا نُؤۡمِنَ لِرَسُوۡلٍ حَتّٰى يَاۡتِيَنَا بِقُرۡبَانٍ تَاۡكُلُهُ النَّارُ‌ؕ قُلۡ قَدۡ جَآءَكُمۡ رُسُلٌ مِّنۡ قَبۡلِىۡ بِالۡبَيِّنٰتِ وَبِالَّذِىۡ قُلۡتُمۡ فَلِمَ قَتَلۡتُمُوۡهُمۡ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ ﴿١٨٣﴾

(૧૮૩) જેઓ આ કહે છે કે અલ્લાહે અમારી પાસેથી વચન લઈ લીધું છે કે અમે કોઈ પણ રસૂલ પર ઈમાન ન લાવીએ જ્યાં સુધી કે તે (રસૂલ) અમારી સામે એવી એક કુરબાની રજુ ન કરે કે જેને આગ ખાઈ જાય (યાને ભસ્મ કરી નાખે); (અય રસૂલ!) તું કહે કે મારી પહેલાં (ઘણાંય) રસૂલો પ્રત્યક્ષ દલીલો લઈને તમારી પાસે આવ્યા હતા અને તમે (અત્યારે) જે કાંઈ કહો છો તે પણ લાવ્યા હતા પછી જો તમે સાચા છો તો તમોએ તેમને શા માટે કતલ કર્યા હતા?

فَإِنْ كَذَّبُوكَ فَقَدْ كُذِّبَ رُسُلٌ مِّنْ قَبْلِكَ جَآءُو بِالْبَيِّنٰتِ وَالزُّبُرِ وَالْكِتٰبِ الْمُنِيْرِ ﴿١٨٤﴾

(૧૮૪) (અય રસૂલ!) પછી પણ જો તેઓ જૂઠલાવે તો (તું દિલગીર ન થા કારણ કે) તારી પહેલાં એવા (ઘણાંય) રસૂલો જૂઠલાવવામાં આવ્યા હતા કે જેઓ ખુલ્લી નિશાનીઓ લાવ્યા હતા તથા નસીહતના પુસ્તકો (સહીફા) તથા રોશન કિતાબ પણ.

كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ؕ وَاِنَّمَا تُوَفَّوْنَ اُجُوْرَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ فَمَنْ زُحْزِحَ عَنِ النَّارِ وَاُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ ؕ وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ ۝١٨٥

(૧૮૫) દરેક જીવ મૃત્યુનો સ્વાદ ચાખનાર છે; અને કયામતના દિવસે તમને માત્ર તમારી

(કરણીઓ)ના પ્રમાણમાં જ બદલો આપવામાં આવશે; માટે જે કોઈ જહન્નમની આગથી બચાવી લેવામાં આવ્યો અને જન્નતમાં દાખલ કરવામાં આવ્યો તો ખરે જ તેનું કાર્ય સિદ્ધ થયું; અને આલોકનું (દુનિયા) જીવન ધોકો આપનાર વૈભવ સિવાય બીજું કાંઈ જ નથી.

لَتُبْلَوُنَّ فِيٓ اَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ ۣ وَلَتَسْمَعُنَّ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَمِنَ الَّذِيْنَ اَشْرَكُوْٓا اَذًى كَثِيْرًا ۭ وَاِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا فَاِنَّ ذٰلِكَ مِنْ عَزْمِ الْاُمُوْرِ ١٨٦

(૧૮૬) (અય મુસલમાનો!) તમે તમારા માલ અને જાનથી અવશ્ય અજમાવ્યા જશો, અને તમારી

પહેલાં જે લોકોને કિતાબ આપવામાં આવી છે તેમનાથી અને જેઓ શિર્ક કરનારા થઈ ગયા છે તેમનાથી તમે ઘણીયે મેણાં ટોણાની વાતો અવશ્ય સાંભળશો; પણ જો તમે ધીરજ ધરશો તથા પરહેઝગાર રહેશો તો નિસંશય તે મહાન હિમ્મતવાળા કાર્યો માંહેનું એક ગણાશે.

وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ لَتُبَيِّنُنَّهٗ لِلنَّاسِ وَلَا تَكْتُمُوْنَهٗ ۫ فَنَبَذُوْهُ وَرَآءَ ظُهُوْرِهِمْ وَاشْتَرَوْا بِهٖ ثَمَنًا قَلِيْلًا ؕ فَبِئْسَ مَا يَشْتَرُوْنَ ﴿١٨٧﴾

(૧૮૭) અને (તે સમયને યાદ કરો) કે જયારે જેમને કિતાબ આપવામાં આવી હતી તેમની

પાસેથી અલ્લાહે વચન લીધું કે તમે તે (કિતાબ)ને લોકો સામે અવશ્ય સ્પષ્ટ રીતે વર્ણવજો તથા તેને સંતાડજો નહિ, તો પણ તેમણે અલ્લાહ (સાથે)ના તે (વચન)ને પીઠ પાછળ ફેંકી દીધું તથા તેના બદલામાં નજીવી કિંમત લઈ લીધી; માટે તે એક કેવી બૂરી કિંમત છે જે તેઓ લઈ રહ્યા છે!

لَا تَحْسَبَنَّ الَّذِيْنَ يَفْرَحُوْنَ بِمَآ اَتَوْا وَّيُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا فَلَا تَحْسَبَنَّهُمْ بِمَفَازَةٍ مِّنَ الْعَذَابِ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿١٨٨﴾

(૧૮૮) (અય રસૂલ!) જે લોકો પોતાની કરણી પર ખુશ થાય છે તથા એવું ચાહે છે કે જે કાંઈ તેમણે

નથી કર્યું તે માટે પણ તેમના બણગાં ફુંકવામાં આવે તો તેઓ સબંધી હરગિઝ એવું ગુમાન કરીશ નહિ કે તેઓ અઝાબથી બચી જશે, બલ્કે તેમના માટે દુ:ખદાયક અઝાબ છે.

وَلِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿۱۸۹﴾

(૧૮૯) અને સઘળા આકાશો તથા જમીનની બાદશાહત અલ્લાહને માટે જ છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર (સંપૂર્ણ) કાબૂ ધરાવનાર છે.

اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ الَّیْلِ وَالنَّهَارِ لَاٰیٰتٍ لِّاُولِی الْاَلْبَابِ ﴿۱۹۰﴾

(૧૯૦) બેશક આકાશો તથા જમીનની ઉત્પત્તિમાં અને રાત્રિ તથા દિવસના ક્રમમાં બુદ્ધિશાળીઓ માટે અવશ્ય (અલ્લાહની કુદરતની) નિશાનીઓ મોજૂદ છે;

الَّذِيْنَ يَذْكُرُوْنَ اللّٰهَ قِيٰمًا وَّقُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ وَيَتَفَكَّرُوْنَ
فِىْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ
سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿١٩١﴾

(૧૯૧) કે જેઓ ઉભા ઉભા અને બેઠા (બેઠા) તથા પડખાભેર (અર્થાત હર હાલતમાં) અલ્લાહને યાદ કરતા રહે છે અને આકાશ તથા પુથ્વીની ઉત્પત્તિ પર ચિંતન કરે છે, (અને કહે છે કે) અય અમારા

પરવરદિગાર! તેં આ વ્યર્થ પેદા કર્યા નથી, તારી ઝાત પાક છે માટે તું અમને દોઝખની આગથી બચાવી લે.

رَبَّنَآ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ اَخْزَيْتَهٗ ؕ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿۱۹۲﴾

(૧૯૨) અય અમારા પરવરદિગાર ! બેશક જેને તું આગમાં દાખલ કરશે તો તેને તેં ખરેજ ફજેત કર્યો; અને ઝુલમગારોનો કોઈપણ હિમાયતી બનશે નહિ.

رَبَّنَآ اِنَّنَا سَمِعۡنَا مُنَادِيًا يُّنَادِىۡ لِلۡاِيۡمَانِ اَنۡ اٰمِنُوۡا بِرَبِّكُمۡ
فَاٰمَنَّا ۖ رَبَّنَا فَاغۡفِرۡ لَنَا ذُنُوۡبَنَا وَكَفِّرۡ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا
مَعَ الۡاَبۡرَارِ ۝١٩٣

(૧૯૩) અય અમારા પરવરદિગાર! બેશક અમોએ એક સાદ કરનાર (ઉપદેશક)નો સાદ સાંભળ્યો કે જે ઈમાન (લાવવા) માટે (એવો) સાદ કરતો હતો કે તમે તમારા પરવરદિગાર પર ઈમાન લાવો જેથી અમે ઈમાન લાવ્યા; માટે અય અમારા પરવરદિગાર! તું અમારા ગુનાહ માફ કરી દે અને અમારી બુરાઈઓને અમારાથી દૂર કરી દે અને અમને સદાચારીઓની સાથે મૃત્યુ આપ.

رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ؕ

اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿١٩٤﴾

(૧૯૪) અય અમારા પરવરદિગાર ! જેના તેં તારા રસૂલો મારફત અમને વાયદા કર્યા છે તે અમને અર્પણ કર અને અમને કયામતના દિવસે ફજેત કરજે નહિ; બેશક તું વાયદાનો ભંગ કરતો નથી.

فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ اَنِّيْ لَاۤ اُضِيْعُ عَمَلَ عَامِلٍ مِّنْكُمْ مِّنْ

ذَكَرٍ اَوْ اُنْثٰى ۚ بَعْضُكُمْ مِّنْۢ بَعْضٍ ۚ فَالَّذِيْنَ هَاجَرُوْا

وَاُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ وَاُوْذُوْا فِيْ سَبِيْلِيْ وَقٰتَلُوْا وَقُتِلُوْا

لَاُكَفِّرَنَّ عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَلَاُدْخِلَنَّهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ

تَحۡتِهَا الۡاَنۡهٰرُ‌ۚ ثَوَابًا مِّنۡ عِنۡدِ اللّٰهِ‌ؕ وَاللّٰهُ عِنۡدَهٗ حُسۡنُ
الثَّوَابِ﴿۱۹۵﴾

(૧૯૫) જેથી તેમના પરવરદિગારે તેમની દુઆ કબૂલ કરી (અને ફરમાવ્યું) કે હું તમારામાંથી કોઈ (સદ્) કાર્ય કરનારનું કાર્ય વ્યર્થ જવા દઈશ નહિ પછી તે (સત્કાર્ય કરનાર) પુરૂષ હો કે સ્ત્રી, (કેમ કે) તમે એક બીજામાંથી છો, માટે જેઓએ હિજરત કરી અને પોતાના દેશમાંથી કાઢી મૂકવામાં આવ્યા અને જેમને મારા માર્ગમાં ઈજા પહોંચાડવામાં આવી અને જેઓએ કાફિરો (મુશરીકો) સામે જેહાદ કર્યો અથવા માર્યા ગયા તો હું જરૂર તેમની બૂરાઈઓ તેમનાથી દૂર કરી દઈશ અને તેમને

અવશ્ય જન્નતોમાં દાખલ કરીશ જેમની હેઠળ નદીઓ વહેતી રહે છે, અલ્લાહ તરફથી આ એક (ઉમદા) બદલો હશે અને સૌથી સારો બદલો અલ્લાહ પાસે જ છે.

لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِيْنَ كَفَرُوْا فِي الْبِلَادِ ﴿١٩٦﴾

(૧૯૬) જે લોકો ઈમાન નથી લાવ્યા તેમનું નિશ્ચિંત થઈ શહેરની અંદર ફરવું તને હરગિજ ધોકામાં ન નાખે.

مَتَاعٌ قَلِيْلٌ ثُمَّ مَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمِهَادُ ﴿١٩٧﴾

(૧૯૭) આ (ક્ષણભંગુર) વૈભવ થોડા દિવસનો છે, છેવટે તેમનું ઠેકાણું જહન્નમાંજ છે, અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે.

لٰكِنِ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ جَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ

خٰلِدِيْنَ فِيْهَا نُزُلًا مِّنْ عِنْدِ اللّٰهِ ؕ وَمَا عِنْدَ اللّٰهِ خَيْرٌ لِّلْاَبْرَارِ ﴿١٩٨﴾

(૧૯૮) પરંતુ જે લોકો પોતાના પરવરદિગારથી ડરે છે તેમના માટે બગીચા છે જેની હેઠળ નદીઓ વહેતી રહે છે તેઓ તેમાં હંમેશને માટે રહેનાર છે (આ) અલ્લાહ તરફની એક (મહાન) પરોણાગત હશે; અને અલ્લાહ પાસે જે છે તે સદાચારીઓ માટે બેહતર છે.

وَاِنَّ مِنْ اَهْلِ الْكِتٰبِ لَمَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَمَاۤ اُنْزِلَ اِلَيْكُمْ وَمَاۤ

اُنْزِلَ اِلَيْهِمْ خٰشِعِيْنَ لِلّٰهِ ۙ لَا يَشْتَرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا

قَلِيۡلًا ؕ اُولٰٓٮِٕكَ لَهُمۡ اَجۡرُهُمۡ عِنۡدَ رَبِّهِمۡ ؕ اِنَّ اللّٰهَ سَرِيۡعُ الۡحِسَابِ﴿۱۹۹﴾

(૧૯૯) અને બેશક કિતાબવાળાઓમાંથી કેટલાક લોકો એવા છે કે જેઓ અલ્લાહની સામે નમ્ર રહીને અલ્લાહ પર અને જે તમારા પર ઉતારવામાં આવ્યું છે તેના પર ઈમાન રાખે છે, અને તેના પર પણ કે જે તેમના ઉપર ઉતારવામાં આવ્યું છે, તેઓ અલ્લાહની આયતોના બદલામાં નજીવી કિંમત લેતા નથી; આ તેઓ જ છે જેમના માટે તેમના પરવરિદગાર પાસે (નેક) બદલો છે; બેશક અલ્લાહ ઘણો ઝડપી હિસાબ કરનાર છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اصْبِرُوْا وَصَابِرُوْا وَرَابِطُوْا ۣ وَاتَّقُوا اللّٰهَ
لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝٢٠٠ۧ

(૨૦૦) અય ઇમાન લાવનારાઓ! સબ્ર કરો અને એકબીજાને સબ્રની નસીહત કરો અને હકની ખિદમત માટે તૈયારી કરો; અને અલ્લાહથી ડરતા રહો કે કદાચને તમે સફળતા પામો.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

یٰۤاَیُّهَا النَّاسُ اتَّقُوۡا رَبَّكُمُ الَّذِىۡ خَلَقَكُمۡ مِّنۡ نَّفۡسٍ وَّاحِدَةٍ
وَّخَلَقَ مِنۡهَا زَوۡجَهَا وَبَثَّ مِنۡهُمَا رِجَالًا كَثِيۡرًا وَّنِسَآءً ۚ
وَاتَّقُوا اللّٰهَ الَّذِىۡ تَسَآءَلُوۡنَ بِهٖ وَالۡاَرۡحَامَ ؕ اِنَّ اللّٰهَ كَانَ
عَلَيۡكُمۡ رَقِيۡبًا‏ ①

(૧) અય લોકો ! તમે તમારા પરવરદિગારથી ડરતા રહો કે જેણે તમને એકજ જીવમાંથી પેદા કર્યા છે અને તેમાંથી જ તેનું જોડું બનાવ્યું છે તે બંનેમાંથી ઘણા પુરૂષો અને સ્ત્રીઓને (દુનિયામાં)

ફેલાવ્યા અને અલ્લાહથી ડરો જેનો વાસ્તો આપી એકબીજાથી (પોતાના હક્કોની) માંગણી કરો છો અને સગાઓથી કત્એ રહેમ (હક્કોનો નાશ) કરવાથી ડરો બેશક અલ્લાહ તમો સર્વોની ખબર રાખનાર છે.

وَاٰتُوا الْيَتٰمٰٓى اَمْوَالَهُمْ وَلَا تَتَبَدَّلُوا الْخَبِيْثَ بِالطَّيِّبِ ۖ وَلَا
تَاْكُلُوْٓا اَمْوَالَهُمْ اِلٰٓى اَمْوَالِكُمْ ۭ اِنَّهٗ كَانَ حُوْبًا كَبِيْرًا ۝۲

(૨) અને યતીમોને તેમનો માલ આપી દો અને ખરાબ વસ્તુઓ (યાને હરામ)ને સારી વસ્તુઓ (યાને હલાલ)થી બદલો નહિ, અને તેમનો માલ તમારા માલની સાથે (વધારો કરવાના હેતુથી)

ભેળવી નાખી પચાવી પાડો નહિ; નિસંશય એ ઘણો મોટો ગુનોહ છે.

وَاِنۡ خِفۡتُمۡ اَلَّا تُقۡسِطُوۡا فِى الۡيَتٰمٰى فَانۡكِحُوۡا مَا طَابَ لَـكُمۡ مِّنَ النِّسَآءِ مَثۡنٰى وَثُلٰثَ وَرُبٰعَ‌ ۚ فَاِنۡ خِفۡتُمۡ اَلَّا تَعۡدِلُوۡا فَوَاحِدَةً اَوۡ مَا مَلَـكَتۡ اَيۡمَانُكُمۡ‌ ؕ ذٰ لِكَ اَدۡنٰٓى اَلَّا تَعُوۡلُوۡا ؕ‏ ﴿۳﴾

(3) અને જો તમને એવો ભય હોય કે યતીમોના (માલના) સબંધમાં તમે ન્યાય કરી શકશો નહિ તો એવી સ્ત્રીઓમાંથી તમને જે પસંદ પડે તે બબ્બે ત્રણ ત્રણ (અથવા) ચાર સાથે નિકાહ કરી લો, પણ જો તમને એવો ભય હોય કે તેમની વચ્ચે (સરખી રીતે) ઈન્સાફ કરી શકશો નહિ તો પછી એકજ

પત્ની કરવી અથવા (કનીઝો) કે જે તમારી મિલ્કત હોય (તેની સાથે નિકાહ કરી લો); આ (ઉપાય) તમને અન્યાયથી બચાવવા માટે વધારે અનુકૂળ થઇ પડશે.

وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحۡلَةً ؕ فَاِنۡ طِبۡنَ لَـكُمۡ عَنۡ شَىۡءٍ مِّنۡهُ

نَفۡسًا فَكُلُوۡهُ هَنِيۡٓـًٔـا مَّرِیۡٓـًٔـا ﴿۴﴾

(૪) સ્ત્રીઓને તેઓની મહેર અર્પણ કરી દયો પછી જો તેણીઓ સ્વેચ્છાએ પરત કરવા ઈચ્છે તો સહર્ષ ખાઈ પી લ્યો.

وَلَا تُؤۡتُوا السُّفَهَآءَ اَمۡوَالَكُمُ الَّتِىۡ جَعَلَ اللّٰهُ لَكُمۡ قِيٰمًا

وَّارۡزُقُوۡهُمۡ فِيۡهَا وَاكۡسُوۡهُمۡ وَقُوۡلُوۡا لَهُمۡ قَوۡلًا مَّعۡرُوۡفًا ﴿۵﴾

(૫) અને અણસમજુઓને તમારો માલ કે જે અલ્લાહે તમારો (જીવન) આધાર બનાવ્યો છે તે સોંપો નહિ પણ તેમાંથી તેમને ખવડાવો તથા પહેરાવો અને તેમની સાથે દયાભાવથી વાતચીત કરો.

وَابْتَلُوا الْيَتٰمٰى حَتّٰٓى اِذَا بَلَغُوا النِّكَاحَ ۚ فَاِنْ اٰنَسْتُمْ مِّنْهُمْ
رُشْدًا فَادْفَعُوْٓا اِلَيْهِمْ اَمْوَالَهُمْ ۚ وَلَا تَاْكُلُوْهَآ اِسْرَافًا
وَّبِدَارًا اَنْ يَّكْبَرُوْا ۭ وَمَنْ كَانَ غَنِيًّا فَلْيَسْتَعْفِفْ ۚ وَمَنْ
كَانَ فَقِيْرًا فَلْيَاْكُلْ بِالْمَعْرُوْفِ ۭ فَاِذَا دَفَعْتُمْ اِلَيْهِمْ
اَمْوَالَهُمْ فَاَشْهِدُوْا عَلَيْهِمْ ۭ وَكَفٰى بِاللّٰهِ حَسِيْبًا ۝٦

(૬) અને યતીમોને (કામ ધંધે લગાડી) અજમાવતા રહો જયાં સુધી કે તેઓ લગ્નની વયે પહોંચી જાય; પછી જો તમે તેમનામાં કાંઈ (સંસાર વહેવારની) લાયકાત જુઓ તો તેમનો માલ તેમને સોંપી દો, અને (તે દરમિયાન) એ માલને ઉડાઉપણે ખર્ચીને તથા જલદીથી ખાઈ ન જાઓ એવા વિચારથી કે યતીમો મોટા થઈ જશે (તે હિસાબ માંગશે); અને જે (વાલી અથવા રક્ષક) માલદાર હોય તો તે યતીમોના માલથી (તદ્દન) પરહેઝ કરે, અને મોહતાજ હોય તો તે વ્યાજબી રીતે ખાય; પછી જયારે તમે તેમનો માલ તેમને

હવાલે કરો ત્યારે તે ઉપર સાક્ષી રાખી લો; જો કે અલ્લાહ હિસાબ લેવા માટે પૂરતો છે જ.

لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ ۖ وَلِلنِّسَآءِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَالْاَقْرَبُوْنَ مِمَّا قَلَّ مِنْهُ اَوْ كَثُرَ ؕ نَصِيْبًا مَّفْرُوْضًا ⑦

(૭) માં-બાપ તથા નજીકનાં સગાં જે વારસો મૂકી જાય તેમાં પુરૂષોનો ભાગ છે, અને માં-બાપ તથા નજીકના સગાંઓ જે વારસો મૂકી જાય તેમાં સ્ત્રીઓનો પણ ભાગ છે, પછી તે થોડો હોય કે વધારે (યાને અલ્લાહ તરફથી) નક્કી કરેલો ભાગ.

وَاِذَا حَضَرَ الۡقِسۡمَةَ اُولُوا الۡقُرۡبٰى وَالۡيَتٰمٰى وَالۡمَسٰكِيۡنُ
فَارۡزُقُوۡهُمۡ مِّنۡهُ وَقُوۡلُوۡا لَهُمۡ قَوۡلًا مَّعۡرُوۡفًا ۝٨

(૮) અને જો (દૂરનાં) સગાંવહાલાં તથા યતીમ અને નિરાધારો વારસાની વહેંચણી વખતે હાજર (હયાત) હોય તો તેમાંથી (થોડુંક) તેમને પણ આપી દો અને તેમની સાથે માયાળુપણે બોલો ચાલો (વ્યવહાર કરો).

وَلۡيَخۡشَ الَّذِيۡنَ لَوۡ تَرَكُوۡا مِنۡ خَلۡفِهِمۡ ذُرِّيَّةً ضِعٰفًا خَافُوۡا
عَلَيۡهِمۡ ۖ فَلۡيَتَّقُوا اللّٰهَ وَلۡيَقُوۡلُوۡا قَوۡلًا سَدِيۡدًا ۝٩

(૯) અને તે લોકોએ (આ વાતથી) ડરવું જોઈએ કે જેઓ પોતાની પાછળ જો કમજોર (નાના) બાળકો

મૂકી જાય તો (તેમના પાયમાલ થવાનો) તેમને કેવો ભય લાગે ! માટે લાઝિમ છે કે તેઓ અલ્લાહથી ડરે અને સીધી રીતે વાતચીત કરે.

اِنَّ الَّذِيْنَ يَأْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا اِنَّمَا يَأْكُلُوْنَ فِيْ
بُطُوْنِهِمْ نَارًا ؕ وَسَيَصْلَوْنَ سَعِيْرًا ؑ ﴿١٠﴾

(૧૦) નિસંશય જેઓ જોરઝુલમથી યતીમોનો માલ ખાઈ જાય છે તેઓ પોતાના પેટમાં અંગારાજ ભરે છે; અને ટૂંક વખતમાં તેઓ ધગધગતી આગ (નો અઝાબ) પામશે.

يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ ۚ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ ۚ
فَاِنْ كُنَّ نِسَآءً فَوْقَ اثْنَتَيْنِ فَلَهُنَّ ثُلُثَا مَا تَرَكَ ۚ وَاِنْ كَانَتْ

وَاحِدَةً فَلَهَا النِّصْفُ ؕ وَلِاَبَوَيْهِ لِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ
مِمَّا تَرَكَ اِنْ كَانَ لَهٗ وَلَدٌ ۚ فَاِنْ لَّمْ يَكُنْ لَّهٗ وَلَدٌ وَّوَرِثَهٗۤ اَبَوٰهُ
فَلِاُمِّهِ الثُّلُثُ ۚ فَاِنْ كَانَ لَهٗۤ اِخْوَةٌ فَلِاُمِّهِ السُّدُسُ مِنْۢ بَعْدِ
وَصِيَّةٍ يُّوْصِىْ بِهَاۤ اَوْ دَيْنٍ ؕ اٰبَآؤُكُمْ وَاَبْنَآؤُكُمْ لَا تَدْرُوْنَ
اَيُّهُمْ اَقْرَبُ لَكُمْ نَفْعًا ؕ فَرِيْضَةً مِّنَ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا
حَكِيْمًا ﴿۱۱﴾

(૧૧) અલ્લાહ તમને તમારી ઓલાદના સબંધમાં વસિયત કરે છે; પુરૂષ માટે બે સ્ત્રીઓની બરોબર ભાગ છે, પછી જો (બે અથવા) બે કરતાં વધારે છોકરીઓ હોય તો તે મરનાર જે કંઈ મૂકી જાય

તેનો બે તૃતીઆંસ ભાગ તેમનો છે, અને જો એક જ છોકરી હોય તો તેના માટે અર્ધો ભાગ છે; અને જો તે (મરનાર)ને કોઈ ઓલાદ હોય તો તે (મરનાર)ના માં-બાપ પૈકી દરેકને માટે તે મૂકી જાય તેનો છઠ્ઠો ભાગ છે પણ જો તેને કોઈ ઓલાદ ન હોય અને (માત્ર) માં-બાપજ તેના વારસ થયા હોય તો તેની માં માટે વારસાનો ત્રીજો ભાગ છે; અને જો તેના ભાઈ-બહેન પણ હોય તો તેની માનો છઠ્ઠો ભાગ છે, જે વસિયત તે (મરનારે) કરી હોય તે પ્રમાણે વર્ત્યા પછી અથવા કરજ ચૂકવ્યા પછી; તમારા બાપદાદા અને તમારા પુત્રપૌત્ર હોય તો તેઓમાંથી તમને લાભ પહોંચાડવા માટે કોણ

વધારે પાસે છે. તે તમે જાણતા નથી; આ અલ્લાહ તરફથી નક્કી થએલો હુકમ છે; બેશક અલ્લાહ સર્વજ્ઞ (અને) મહાન હિકમતવાળો છે.

وَلَكُمۡ نِصۡفُ مَا تَرَكَ اَزۡوَاجُكُمۡ اِنۡ لَّمۡ يَكُنۡ لَّهُنَّ وَلَدٌ ۚ فَاِنۡ
كَانَ لَهُنَّ وَلَدٌ فَلَكُمُ الرُّبُعُ مِمَّا تَرَكۡنَ مِنۡۢ بَعۡدِ وَصِيَّةٍ يُّوۡصِيۡنَ
بِهَاۤ اَوۡ دَيۡنٍ ؕ وَلَهُنَّ الرُّبُعُ مِمَّا تَرَكۡتُمۡ اِنۡ لَّمۡ يَكُنۡ لَّكُمۡ وَلَدٌ ۚ
فَاِنۡ كَانَ لَكُمۡ وَلَدٌ فَلَهُنَّ الثُّمُنُ مِمَّا تَرَكۡتُمۡ مِّنۡۢ بَعۡدِ وَصِيَّةٍ
تُوۡصُوۡنَ بِهَاۤ اَوۡ دَيۡنٍ ؕ وَاِنۡ كَانَ رَجُلٌ يُّوۡرَثُ كَلٰلَةً اَوِ امۡرَاَةٌ
وَّلَهٗۤ اَخٌ اَوۡ اُخۡتٌ فَلِكُلِّ وَاحِدٍ مِّنۡهُمَا السُّدُسُ ۚ فَاِنۡ كَانُوۡۤا
اَكۡثَرَ مِنۡ ذٰلِكَ فَهُمۡ شُرَكَآءُ فِى الثُّلُثِ مِنۡۢ بَعۡدِ وَصِيَّةٍ يُّوۡصٰى

بِهَآ اَوۡ دَيۡنٍ ۙ غَيۡرَ مُضَآرٍّ ۚ وَصِيَّةً مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَلِيۡمٌ ؕ﴿۱۲﴾

(૧૨) તમારી સ્ત્રીઓ જે કાંઈ મૂકી જાય-જો તેમની કાંઈ ઓલાદ ન હોય તો-તેમાંથી અર્ધું તમારૂં છે, પણ જો તેમને કાંઈ ઓલાદ હોય તો તેણીઓ જે મૂકી જાય તેનો ચોથો ભાગ તમારો છે, જે વસિયત તેણીઓએ કરી હોય તે પ્રમાણે વર્ત્યા પછી અથવા કરજ ચૂકવ્યા પછી; અને જો તમારે કાંઈ ઓલાદ ન હોય તો તમે જે મૂકી ગયા હો તેમાંથી તેમના (યાને તમારી પત્નીઓ) માટે ચોથો ભાગ છે, પણ જો તમને ઓલાદ હોય તો તમે જે કાંઈ મૂકી ગયા હો તેમાંથી આઠમો ભાગ તેમનો છે, જે વસિયત

તમે કરી હોય તે પ્રમાણે વર્ત્યાં પછી અથવા કરજ ચૂકવ્યા પછી; અને જો કોઈ પુરૂષ અથવા સ્ત્રીના વારસ માબાપ અથવા ઓલાદ ન હોય અને તેનો કોઈ ભાઈ અથવા બહેન હોય તો તેમાંથી દરેકને માટે છઠ્ઠો ભાગ છે, અને જો તે એ કરતાંય વધારે હોય તો ત્રીજા ભાગમાં તેઓ સઘળા સરખા ભાગીદારો છે (અલબત્ત) જે વસિયત કરવામાં આવી હોય તેમ વર્ત્યાં પછી અથવા કરજ ચૂકવ્યા પછી, એવી શરતે કે (મરનાર તરફથી) કોઈને નુકસાન ન પહોંચે, આ અલ્લાહ તરફથી નક્કી થએલો નિયમ છે; અને અલ્લાહ મહાન જાણકાર અને સહનશીલ છે.

تِلْكَ حُدُوْدُ اللّٰهِ ؕ وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ يُدْخِلْهُ جَنّٰتٍ
تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ وَذٰلِكَ الْفَوْزُ
الْعَظِيْمُ ﴿۱۳﴾

(૧૩) આ અલ્લાહની નક્કી કરેલી હદો છે; અને જે અલ્લાહ તથા રસૂલની આજ્ઞા પાળશે તેને તે (અલ્લાહ) જન્નતોમાં દાખલ કરશે જેની નીચે નદીઓ વહેતી રહે છે. તેમાં તેઓ હંમેશને માટે રહેશે; અને એજ મોટી સફળતા છે.

وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَتَعَدَّ حُدُوْدَهٗ يُدْخِلْهُ نَارًا خَالِدًا
فِيْهَا ۖ وَلَهٗ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۴﴾

(૧૪) અને જે અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરશે તથા તેના નિયમોનું ઉલ્લંઘન કરશે તો તેને તે દોઝખની આગમાં દાખલ કરશે જેમાં તે હંમેશને માટે રહેશે, અને તેના માટે નામોશી ભરેલી સજા હશે.

وَالّٰتِيْ يَاْتِيْنَ الْفَاحِشَةَ مِنْ نِّسَآىِٕكُمْ فَاسْتَشْهِدُوْا عَلَيْهِنَّ اَرْبَعَةً مِّنْكُمْ ۚ فَاِنْ شَهِدُوْا فَاَمْسِكُوْهُنَّ فِي الْبُيُوْتِ حَتّٰى يَتَوَفّٰىهُنَّ الْمَوْتُ اَوْ يَجْعَلَ اللّٰهُ لَهُنَّ سَبِيْلًا ⑮

(૧૫) અને તમારી સ્ત્રીઓમાંથી જેઓ બદકારી (વ્યભિચાર) કરે તેમની વિરૂદ્ધ તમારામાંના ચાર શખ્સોની સાક્ષી માંગો, પછી જો તેઓ સાક્ષી આપે

તો તે (સ્ત્રી)ઓને (ત્યાં સુધી) ઘરમાં કેદ રાખો જ્યાં સુધી કે મૃત્યુ તેમનો અંત આણે અથવા અલ્લાહ તેમના માટે કોઈ (બીજો) માર્ગ કાઢી આપે.

وَالَّذٰنِ يَاْتِيٰنِهَا مِنْكُمْ فَاٰذُوْهُمَا ۚ فَاِنْ تَابَا وَاَصْلَحَا فَاَعْرِضُوْا عَنْهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ تَوَّابًا رَّحِيْمًا ﴿١٦﴾

(૧૬) અને જે બે માણસો તમારામાં એવી (બદી) કરે તો તેમને ઈજા પહોંચાડો, પછી જો તેઓ તૌબા કરે તથા પોતાની વર્તણુંક સુધારે તો તેમને જતા કરો; બેશક અલ્લાહ મોટો તૌબાનો કબૂલ કરનાર (અને) દયાળુ છે.

إِنَّمَا التَّوْبَةُ عَلَى اللّٰهِ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ يَتُوْبُوْنَ مِنْ قَرِيْبٍ فَاُولٰٓئِكَ يَتُوْبُ اللّٰهُ عَلَيْهِمْ ؕ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١٧﴾

(૧૭) અલ્લાહ તે લોકોની તૌબા સ્વીકારે છે કે જેઓ નાદાનીથી બદી કરે છે પછી નજીકમાં (મૃત્યુ પહેલાં) તૌબા કરી લે છે તો એવાઓની તૌબા અલ્લાહ કબૂલ કરી લે છે; અને અલ્લાહ મહાન જાણનાર (અને) હિકમતવાળો છે.

وَلَيۡسَتِ التَّوۡبَةُ لِلَّذِيۡنَ يَعۡمَلُوۡنَ السَّيِّاٰتِ ۚ حَتّٰۤى اِذَا حَضَرَ

اَحَدَهُمُ الۡمَوۡتُ قَالَ اِنِّىۡ تُبۡتُ الۡـٰٔنَ وَلَا الَّذِيۡنَ يَمُوۡتُوۡنَ وَهُمۡ

كُفَّارٌ ‌ؕ اُولٰٓـئِكَ اَعۡتَدۡنَا لَهُمۡ عَذَابًا اَلِيۡمًا‏ ﴿۱۸﴾

(૧૮) અને એવાઓની તૌબા કબૂલ થશે નહિ કે જેઓ બદીઓ કર્યે જ જાય છે, અહીં સુધી કે જ્યારે તેમનામાંથી કોઈનું મૃત્યુ આવી જાય છે ત્યારે કહે છે કે હવે હું તૌબા કરૂં છું અને ન તેમની કે જેઓ નાસ્તિકપણાની હાલતમાં મરણ પામે છે; તેમના માટે અમોએ દુ:ખદાયક શિક્ષા તૈયાર કરી છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا يَحِلُّ لَـكُمۡ اَنۡ تَرِثُوا النِّسَآءَ كَرۡهًا ‌ؕ وَلَا

تَعۡضُلُوۡهُنَّ لِتَذۡهَبُوۡا بِبَعۡضِ مَاۤ اٰتَيۡتُمُوۡهُنَّ اِلَّاۤ اَنۡ يَّاۡتِيۡنَ

بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ۚ وَعَاشِرُوهُنَّ بِالْمَعْرُوفِ ۚ فَإِنْ
كَرِهْتُمُوهُنَّ فَعَسَىٰ أَنْ تَكْرَهُوا شَيْئًا وَيَجْعَلَ اللَّهُ فِيهِ خَيْرًا
كَثِيرًا ﴿١٩﴾

(૧૯) અય ઈમાન લાવનારાઓ ! આ તમારા માટે હલાલ નથી કે તમે બળજબરીથી સ્ત્રીઓને પણ વારસામાં લઈ લો; અને ન એ હેતુસર તેમને તંગ કરી રાખો કે જે કાંઈ પણ તમે તેમને આપી ચુકયા હો તેમાંથી કાંઈ તેમની પાસેથી છીનવી લો, સિવાય કે તેમણે ખુલ્લી બદકારી કરી હોય, અને તેમની સાથે ભલાઈથી વર્તો, પણ જો તમને તેમના પ્રત્યે અણગમો હોય તો કદાચને તમે જે

એક વસ્તુથી અણગમો રાખતા હો તેમાં કદાચને અલ્લાહે પુષ્કળ ખૂબીઓ રાખી હોય.

وَاِنۡ اَرَدۡتُّمُ اسۡتِبۡدَالَ زَوۡجٍ مَّكَانَ زَوۡجٍ ۙ وَّاٰتَيۡتُمۡ اِحۡدٰٮهُنَّ قِنۡطَارًا فَلَا تَاۡخُذُوۡا مِنۡهُ شَيۡـًٔا ؕ اَتَاۡخُذُوۡنَهٗ بُهۡتَانًا وَّاِثۡمًا مُّبِيۡنًا ۝٢٠

(૨૦) અને જો તમે એક સ્ત્રીને બદલે બીજી સ્ત્રી કરી લેવા ચાહતા હો અને તેઓ માંહેની એકને ઘણો માલ આપી ચૂકયા હો તો તેમાંથી કાંઈ પણ પાછું લેજો નહિ. શું તમે આરોપ મૂકીને અને પ્રત્યક્ષ પાપની વાત કરીને તે પાછું લઈ લેશો?

وَ كَيۡفَ تَاۡخُذُوۡنَهٗ وَقَدۡ اَفۡضٰى بَعۡضُكُمۡ اِلٰى بَعۡضٍ وَّاَخَذۡنَ مِنۡكُمۡ مِّيۡثَاقًا غَلِيۡظًا ﴿۲۱﴾

(૨૧) અને તમે તે કેવી રીતે (પાછું) લઈ શકો જ્યારે કે તમે એક બીજામાંથી લાભ લઈ ચૂકયા છો તથા તેણીઓ તમારાથી (ભરણ પોષણ વગેરેનું) પાકું વચન લઈ ચૂકી છે.

وَلَا تَنۡكِحُوۡا مَا نَكَحَ اٰبَآؤُكُمۡ مِّنَ النِّسَآءِ اِلَّا مَا قَدۡ سَلَفَ‌ ؕ اِنَّهٗ كَانَ فَاحِشَةً وَّمَقۡتًا ؕ وَسَآءَ سَبِيۡلًا ﴿۲۲﴾

(૨૨) અને જે સ્ત્રીઓ સાથે તમારા બાપ દાદા નિકાહ કરી ચૂકયા હોય તેમની સાથે તમે નિકાહ કરશો નહિ સિવાય કે જે પ્રથમ થઈ ચૂકયું હોય;

બેશક આ એક મોટી બેહયાઈ (બેશરમી) અને ધિક્કારવાજોગ કાર્ય અને ખરાબ રિવાજ છે.

حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهٰتُكُمْ وَبَنٰتُكُمْ وَاَخَوٰتُكُمْ وَعَمّٰتُكُمْ
وَخٰلٰتُكُمْ وَبَنٰتُ الْاَخِ وَبَنٰتُ الْاُخْتِ وَاُمَّهٰتُكُمُ الّٰتِيْٓ
اَرْضَعْنَكُمْ وَاَخَوٰتُكُمْ مِّنَ الرَّضَاعَةِ وَاُمَّهٰتُ نِسَآئِكُمْ
وَرَبَآئِبُكُمُ الّٰتِيْ فِيْ حُجُوْرِكُمْ مِّنْ نِّسَآئِكُمُ الّٰتِيْ دَخَلْتُمْ
بِهِنَّ ۡ فَاِنْ لَّمْ تَكُوْنُوْا دَخَلْتُمْ بِهِنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ ۡ
وَحَلَآئِلُ اَبْنَآئِكُمُ الَّذِيْنَ مِنْ اَصْلَابِكُمْ ۙ وَاَنْ تَجْمَعُوْا بَيْنَ
الْاُخْتَيْنِ اِلَّا مَا قَدْ سَلَفَ ؕ اِنَّ اللّٰهَ كَانَ غَفُوْرًا رَّحِيْمًا ﴿٢٣﴾ۙ

(૨૩) (અય મુસલમાનો) તમારા પર તમારી માતાઓ તથા તમારી પુત્રીઓ તથા તમારી બહેનો તથા તમારી ફુઈઓ તથા તમારી માસીઓ તથા ભત્રીજીઓ તથા ભાણેજીઓને તમારી (તે) માતાઓ કે જેમણે તમને દૂધ પાયું અને તમારી દૂધબહેનો તથા તમારી સાસુઓ અને જે સ્ત્રીઓ સાથે તમે સમાગમ કરી ચૂકયા હો તેમની (આગલી) પુત્રીઓ કે જે તમારા ખોળા (ભરણ પોષણ)માં હોય તે (સઘળી) હરામ કરવામાં આવી છે, પણ જો તમોએ તેમની સાથે સમાગમ કર્યો ન હોય તો (તેમની આગલી પુત્રીઓ સાથે નિકાહ કરવામાં) તમારા ઉપર કાંઈ દોષ નથી, અને તમારા તે પુત્રોની

સ્ત્રીઓ કે જે તમારા પેટે (અવતરેલા) હોય (તમારા માટે હરામ છે), અને એ (પણ હરામ કરવામાં આવ્યું છે) કે એક જ વખતે બે બહેનોની (સાથે નિકાહ કરી) ભેગી કરી લો સિવાય કે જે આ પહેલાં થઈ ચૂકયું હોય; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળું છે.